પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૨૩ • કુલ પાના : ૪ • તારીખ : ૧૩-૦૫-૨૦૨૩ શનિવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન મોદીની ગુજરાત મુલાકાત

## ૨૧મી સદીમાં ભારતની શિક્ષણ વ્યવસ્થા બદલી રહી છે, શિક્ષકો, વિદ્યાર્થીઓ બદલી રહ્યા છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી




અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે આવી પહોંચ્યા છે. અમદાવાદના એરપોર્ટ પર મોદી આવી પહોંચતા તેમનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં ઓલ ઈન્ડિયા પ્રાઈમેરી ટીચર્સ ફેડરેશનના કાર્યક્રમ સ્થળે પહોંચ્યા છે. અહીં મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા છે. આજે મુખ્યમંત્રી ખાદીના શર્ટ-પેન્ટમાં જોવા મળ્યા છે. નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવમાં વિકાસમાં શિક્ષકોનો મહત્વનો ફાળો છે. એક સમયે ગુજરાતમાં ડ્રોપઆઉટ રેટ ૪૦ ટકા આસપાસ હતો. આજે ૩ ટકા કરતા ઓછો છે. આ ગુજરાતના શિક્ષકોના સહયોગથી જ સંભવ થયું છે.

ઉમરગામથી અંબાજી સુધી સાયન્સ સ્ટ્રીમનું ભણતર જ કોઈ નહોતા કરતા, વિદેશમાં નેતાઓને મળુ છું એ લોકો જે વાત જણાવે છે તે અહીં બેઠેલા તમામ શિક્ષકો ગર્વ અનુભવશે. ભારતીય શિક્ષકોનું કેટલું યોગદાન રહેલું છે તેનું ગર્વ સાથે વર્ણન કરું છું. ભુતાનના લોકોને ભારતીય શિક્ષકોએ ભણાવ્યા છે. સાઉદી ગયો તો ત્યારે ત્યાંના રાજવી પરિવારે મને કહ્યું કે, તમને હું બહું પ્રેમ કરું છું, કારણ કે, મારા શિક્ષણ ભારત અને તેમાંય ગુજરાતના હતા. ડબ્લ્યુએચઓના પ્રેસિડેન્ટે મને કહ્યું હતું કે, તમે મને ભેટ સોગાત આપી શકશો અને સાર્વજનિક રીતે દેવી પડશે. મેં પણ સાવજનિક રીતે ડબ્લ્યુએચઆના પ્રેસિડેન્ટનું નામ તુલસી રાખ્યું હતું.

આજ પ્રાથમિક શિક્ષકોના આ કાર્યક્રમમાં હું તમને મન ખોલીને વાત કરવા માગું છું. ૨૧મી સદીમાં ભારતની શિક્ષણ વ્યવસ્થા બદલી રહી છે, શિક્ષકો, વિદ્યાર્થીઓ બદલી રહ્યા છે. પહેલા સંશાધનોની અછત જેવી સમસ્યાઓ હતી. આજ સુવિધાઓની અછત હતી તે ધીને ધીરે દૂર થઈ રહી છે. આજે વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસથી ભરેલા છે. ૮-૯ વર્ષના વિદ્યાર્થીઓ શિક્ષકોને ચેલેન્જ આપે છે. અહીંયા બેઠેલા શિક્ષકોને અનુભવ હશે કે, વિદ્યાર્થીઓ તમારી પાસે કઠિન પ્રશ્નો લઈને આવતા હશે.

આ ચેલેન્જને શિક્ષકો કેવી રીતે હલ કરે છે તેની પણ સક્ષતા ધરાવે છે. આ ચેલેન્જ આપણને લર્ન, અનલર્ન અને વી લર્ન કરવાનો મોકો આપે છે. શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓને ગાઈડ અને એક્ટર પણ બનાવે છે. ગુગલમાંથી ડેટા મળી શકે છે પણ નિર્ણય પોતાએ જ લેવો પડે છે.

માત્ર ગુરૂ જ શિષ્યને સમજાવી શકે છે કે, કઈ જાણકારી ઉપયોગી છે અને કઈ નથી. એક ગુરૂ જ શિષ્યની હાલત સમજીને તેની બધી મુશ્કેલીઓ હરી પ્રેરિત કરે છે. આ દુનિયાની કોઈ ટેકનોલોજી શીખવાડી શકતી નથી. ઈન્ફોર્મેશનની ભરમાર હોય ત્યારે વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ થઈ જાય છે કે કઈ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવું. આ માટે આજની સદીના વિદ્યાર્થીઓ માટે શિક્ષકોની ભૂમિકા મહત્વની થઈ ગઈ છે. હું તમને કોઈ ઉપદેશ દેવા આવ્યો નથી. તમે પળવાર માટે ભૂલી જાવ કે તમે શિક્ષક છો, તમારા સંતાનોન વિશે વિચારો તો એવું જ મનમાં આવે કે આપણા બાળકોને સારું શિક્ષણ મળે. તમે તમારા સંતાનો માટે ઈચ્છો છો તે તમારા વિદ્યાર્થીઓ સાથે ઈચ્છો છો.

પ્રાઈમેરી શિક્ષણનો રોલ ખૂબ મહત્વનો હોય છે. હાલ તમે જે સ્કૂલોમાં કાર્યરત છો ત્યાં નવી શિક્ષણ નીતિ લાગુ થઈ ગઈ હશે અથવા તો લાગુ થવાની હશે. દેશના લાખો શિક્ષકોએ આ શિક્ષણ નીતિ બનાવવામાં ફાળો આપ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રેક્ટિકલ છે. ટિચીંગ અને લર્નિંગથી જ શિક્ષણને આગળ વધારવાનું છે. પહેલા સાંજે વિદ્યાર્થીઓ ઘરે જતા ત્યારે શિક્ષકો હોમ વર્ક નહીં પણ બીજું કામ સોંપતા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન હંમેશા કહે છે કે, કંકણમાંથી શંકર બનાવે, તેઓએ શિક્ષણ અને શિક્ષકનું મહત્ત્વ આપ્યું છે. તમે સૌ ભાવિ પેઢીના વિશ્વકર્મા છો. શિક્ષકે પોતાની જાત અપડેટ અને અપ ટુ ડેટ રાખવી પડે છે. બે દાયકામાં ગુજરાતે જે વિકાસ કર્યો છે તેમાં શિક્ષકોનો મહત્વનો ભાગ છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અતર્ગત ગુજરાત સરકારે કામ કર્યું છે.

## ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ જાહેર: ૯૩.૧૨% વિદ્યાર્થીઓ પાસ થયા, ૧૬ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી



અમદાવાદ,

સીબીએસઇ બોર્ડ દ્વારા ૧૦માનું પરિણામ સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. પરિણામ જાહેર થયા પછી, વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ પર પરિણામ જોઈ શકે છે. **CBSE** ધોરણ ૧૦મી બોર્ડ પરીક્ષા ૨૦૨૩ ૧૫ ફેબ્રુઆરીથી ૨૧ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. આ પરીક્ષા માટે ૨૧,૮૬,૯૪૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.જયારે ૧૬ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

સીબીએસઈએ ૧૨મા બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દીધું છે. શુક્રવારે પરિણામ જાહેર કરતા બોર્ડે જણાવ્યું હતું કે આ વર્ષે પરીક્ષામાં બેઠેલા ૮૭.૩૩% બાળકો પાસ થયા છે. બોર્ડે કહ્યું છે કે ૧૦મા ધોરણનું પરિણામ પણ આજે જ જાહેર કરવામાં આવશે.

સીબીએસઈએ નિર્ણય લીધો છે કે આ વર્ષે તે પરિણામ સાથે વિદ્યાર્થીઓના પ્રથમ, બીજા અને ત્રીજા વિભાગની માહિતી આપશે નહીં. વિદ્યાર્થીઓને બિનજરૂરી સ્પર્ધાથી બચાવવા માટે આ વર્ષે મેરિટ લિસ્ટ પણ બહાર પાડવામાં આવ્યું નથી. ત્રિવેન્દ્રમ પ્રદેશ ૯૯.૯૧ પાસ ટકાવારી સાથે ટોચ પર છે. જેમાં ૮૪.૬૭% છોકરાઓ અને ૯૦.૬૮% છોકરીઓ પાસ થયાં છે. છોકરીઓએ છોકરાઓને ૬.૦૧% કરતાં પાછળ રાખી દીધા. વિદ્યાર્થીઓ મોબાઈલ એપ ઉમંગ, ડિજીલોકર અને બોર્ડની વેબસાઈટ પર તેમનું પરિણામ જોઈ શકે છે.

૧ લાખ ૨૫ હજાર ૭૦૫ વિદ્યાર્થીઓ પૂરક (કમ્પાર્ટમેન્ટ) પરીક્ષા આપશે. વિદ્યાર્થીઓ ૧૬ મેથી તેમના પરિણામની ફોટોકોપી અને પુનઃમૂલ્યાંકન કરાવી શકશે. બોર્ડે ૨૦૨૪ની પરીક્ષાઓની તારીખ પણ જાહેર કરી દીધી છે. આ પરીક્ષાઓ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪થી શરૂ થશે.

સીબીએસઈ ૧૦મીની પરીક્ષા દેશમાં ૧૫ ફેબ્રુઆરીથી ૨૧ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. ધોરણ ૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૫ માર્ચ દરમિયાન યોજાઈ હતી. બંને પરીક્ષામાં ૩૮૮૩૭૧૦ ઉમેદવારોએ હાજરી આપી હતી. ધોરણ ૧૦ના ૨૧૮૬૯૪૦ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ના ૧૬૯૬૭૭૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## નકલી ચલણ કેસમાં NIAના ૬ સ્થળો પર દરોડા, દાઉદ ઈબ્રાહિમ સાથે કનેક્શનના પુરાવા મળ્યા




મુંબઈ,

ભારતીય તપાસ એજન્સી એનઆઈએએ નકલી નોટ કેસમાં મોટો ખુલાસો કર્યો છે. માહિતી મળ્યા પછી, તપાસ એજન્સીએ મહારાષ્ટ્રના મુંબઈ અને થાણે જિલ્લામાં ૬ થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા અને મોટી માત્રામાં હથિયારો અને નકલી ચલણ બનાવવાના મશીનો જપ્ત કર્યા. દ્વૈંછનો દાવો છે કે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનમાંથી ભારતમાં નકલી નોટોનો આખો આર્ટ બિઝનેસ ચલાવી રહ્યો છે.વર્ષ ૨૦૨૧માં મહારાષ્ટ્ર પોલીસે નકલી નોટ બનાવતી ગેંગનો પર્દાફાશ કર્યો હતો. પોલીસને શંકા હતી કે દાઉદ ઈબ્રાહીમ આમાં સામેલ હોઈ શકે છે, તેથી કેસ **NIA**ને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

ભારતીય તપાસ એજન્સી એનઆઈએએ મુંબઈ અને થાણેમાં ૬થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરોડો નકલી નોટો ચલાવતી ગેંગ પર પાડવામાં આવ્યો હતો. દ્વૈંછએ આ મામલે મોટો ખુલાસો કર્યો છે, અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ દેશભરમાં નકલી કરન્સીનો કાળો કારોબાર ચલાવવામાં સામેલ છે.

પ્રાથમિક તપાસમાં પોલીસને આમાં ભાગેડુ ડોન દાઉદ ઈબ્રાહિમની આડકતરી સંડોવણીની જાણ થઈ હતી, ત્યારપછી આ વર્ષે ફેબ્રુઆરીમાં સમગ્ર મામલો એનઆઈએને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. એનઆઈએને તપાસમાં જાણવા મળ્યું કે નકલી નોટોના કારોબારમાં દાઉદ ઈબ્રાહિમનો સીધો હાથ છે.




## યુક્રેન યુદ્ધ અને કુદરતી આફતોને કારણે ૨૦૨૨માં વિશ્વના રેકોર્ડ ૭૧ મિલિયન લોકો વિસ્થાપિત થયા

યુક્રેન,

યુક્રેન યુદ્ધને કારણે ૨૦૨૨માં યુદ્ધ કે કુદરતી આફતોને કારણે દેશની સરહદોની અંદર વિસ્થાપિત થયેલા લોકોની સંખ્યા રેકોર્ડ ૭૧.૧ મિલિયન પર પહોંચી ગઈ છે. 'નોર્વેજીયન રેફ્યુજી કાઉન્સિલ'ના 'ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટર' દ્વારા ગુરુવારે જારી કરાયેલા રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, રશિયા-યુક્રેન યુદ્ધને કારણે, ૨૦૨૨ના અંત સુધીમાં, લગભગ ૫.૯ મિલિયન લોકોને યુક્રેનની અંદર વિસ્થાપિત (પોતાના ઘર છોડીને બીજી જગ્યાએ જવા) માટે મજબૂર કરવામાં આવ્યા હતા. આ સાથે જ વિશ્વમાં યુદ્ધ અને હિંસાને કારણે દેશની અંદર વિસ્થાપિત લોકોની સંખ્યા વધીને ૬૨ મિલિયનથી વધુ થઈ ગઈ છે, જે ૨૦૨૧ની સરખામણીમાં ૧૭ ટકા વધુ છે. સીરિયામાં એક દાયકાથી વધુ લાંબા ગૃહયુદ્ધ પછી, ત્યાં ૬.૮ મિલિયન લોકો વિસ્થાપિત થયા છે. પૂર, દુષ્કાળ વગેરે જેવી કુદરતી આફતોને કારણે દેશની અંદર વિસ્થાપિત થયેલા લોકોની સંખ્યા ૨૦૨૨માં ૮૭ લાખ હતી, જે ૨૦૨૧ની સરખામણીમાં ૪૫ ટકા વધુ છે. રિપોર્ટ અનુસાર, વિશ્વભરમાં કુલ ૭.૧૧ કરોડ લોકો દેશની અંદર વિસ્થાપિત થયા છે અને આ સંખ્યા ૨૦૨૧ની સરખામણીમાં ૨૦ ટકા વધુ છે. દેશની અંદર વિસ્થાપિત એ કોઈ પણ કારણસર વ્યક્તિની તેના પોતાના દેશની અંદર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનો ઉલ્લેખ કરે છે. 'ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટર'એ તેના રિપોર્ટમાં દેશ છોડીને ચાલ્યા ગયેલા લોકોને સામેલ કર્યા નથી. યુક્રેન, સીરિયા, ઈથોપિયા અને અન્ય જગ્યાએ વર્ષોથી ચાલતા યુદ્ધો અને સંઘર્ષોથી ૨૦૨૩માં કોઈ રાહત નથી. સુદાનમાં સૈન્ય અને વિપક્ષી અર્ધલશ્કરી જૂથો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે આ અઠવાડિયે દેશની અંદર ૭૦૦,૦૦૦ લોકોને વિસ્થાપિત કર્યા છે, સંયુક્ત રાષ્ટ્રની શરણાર્થી એજન્સી અનુસાર. 'આંતરિક વિસ્થાપન મોનિટરિંગ સેન્ટર' એ મોસમી પ્રવૃત્તિ 'અલ નીના' ને આંતરિક વિસ્થાપન માટે સૌથી મોટી કુદરતી આફત ગણાવી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે 'અલ નીના'ના કારણે પાકિસ્તાન, નાઈજીરિયા, બ્રાઝિલમાં ભારે પૂર અને સોમાલિયા, કેન્યા અને ઈથોપિયામાં દુષ્કાળ પડ્યો હતો.

## ગુજરાતની નીચલી કોર્ટના ૬૮ જજોના પ્રમોશન પર રોક, સુપ્રીમ કોર્ટે જજોના પ્રમોશન પર લગાવી રોક



નવીદિલ્હી,

ગુજરાતની નીચલી કોર્ટના ૬૮ જજોના પ્રમોશન પર રોક લગાવી છે. સુપ્રીમ કોર્ટે જજોના પ્રમોશન પર રોક લગાવી છે. રાહુલ ગાંધીને સજા સંભળાવનાર જજનું નામ પણ યાદીમાં સામેલ હતું. ત્યારે તેમનું પણ પ્રમોશન હાલ અટવાયુ છે. સુપ્રીમ કોર્ટે કેટલાક ચોક્કસ અવલોકન કર્યા છે. જેના આધારે આ રોક લગાવી હોવાની માહિતી સામે આવી છે. ૯ મેના રોજ યોજાયેલી સુનાવણીમાં ગુજરાતમાં નીચલી અદાલતના ૬૮ જ્યુડિશિયલ ઓફિસરોના પ્રમોશન સામે થયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સોમવારે આ અરજી પર સુપ્રીમ કોર્ટમાં બંને પક્ષોની રજૂઆત પૂર્ણ થઈ હતી.

માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને દોષી ઠેરવીને ૨ વર્ષની સજા સંભળાવનારા સુરતની ચીફ મેજિસ્ટ્રેટ કોર્ટના જજ એચ. એચ વર્માને પ્રમોશન સાથે ટ્રાન્સફર આપવામાં આવ્યું હતુ. તેમની સાથે અન્ય ૬૮ જજની પણ બઢતી-બદલી કરવામાં આવી હતી. ત્યાર બાદ આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. અરજીમાં ગુજરાત હાઈકોર્ટની યાદી તેમજ રાજ્ય સરકાર દ્વારા જજોની નિમણૂંક માટે ઈસ્યુ કરવામાં આવેલ નોટિફિકેશન રદ કરવાની માંગ કરીને મેરિટ અને સિન્યોરીટીના આધારે નવું લિસ્ટ બનાવીને નિમણૂંક કરવાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ એમ. આર શાહની અધ્યક્ષતાવાળી બેન્ચ આ કેસની સુનાવણી કરવામાં આવી હતી.

## ગુજરાત આકરી ગરમીથી શેકાયુ, રાજ્યના ૮ શહેરોમાં ૪૩ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયુ



અમદાવાદ,

ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. છેલ્લા ત્રણ દિવસથી રાજયના મોટા ભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની ઉપર રહ્યો છે. ગુરૂવારે ૪૪ ડિગ્રી સાથે અમરેલી સૌથી વધુ ગરમ શહેર રહ્યું. રાજ્યના ૮ શહેરોમાં ૪૩ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું. વડોદરા અને રાજકોટમાં ૪૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું. તો અમદાવાદ અને ડીસામાં ૪૩.૭ સુધી તાપમાનનો પારો રહ્યો. ગાંધીનગર અને પોરબંદરમાં ૪૩.૫, તો ભૂજમાં ૪૩.૪ ડિગ્રી, જ્યારે ભાવનગર અને સુરતમાં ૪૨ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું.

રાજ્યમાં જ્યાં કાળઝાળ ગરમી પડી રહી છે તેવા શહેરો માટે ૨૪ કલાક મહત્વના છે. ૨૪ કલાક બાદ તાપમાન ઘટવાની હવામાન વિભાગે આગાહી કરી છે. જોકે હજુ બે દિવસ ગરમીનું પ્રમાણ યથાવત્ રહેશે. અમદાવાદમાં બે દિવસ ઓરેન્જ એલર્ટ અને સુરતમાં યલો એલર્ટ અપાયું છે. અમદાવાદમાં બે દિવસ બાદ યલો એલર્ટ રહેશે. ૧૩ મેથી રાજ્યના લોકોને ગરમીથી રાહત મળી શકે છે. ૧૩ મેથી પવનની દિશા બદલાતા તાપમાનમાં ૩ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાશે.

### મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

જન્મ/મરણ અરજી નંબર : ૯૦/૨૦૨૩

**અરજદાર : બારીયા સોમાભાઈ રાયસીંગભાઈ**

**રહે :- માલુ, તા.ઘોઘંબા, જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર તલાટી કમ મંત્રીશ્રી, માલુ, માલુ ગ્રામ પંચાયત, તા.ઘોઘંબા, જી.પંચમહાલ**

**-: હુકમ :-**

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવાતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદારના કાકા નામ **બારીયા મગનભાઈ ચંદ્રાભાઈ** નું મરણ તા.૦૨/૦૬/૧૯૬૮ ના રોજ માલુ, તા.ઘોઘંબા, જી.પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના કાકા ના મરણની નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઇ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-ત્રીસમાં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજુ કરવા. જો મુદ્દતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસારની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૧ મે સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી

(બી.એમ. જોષી)

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ઘોઘંબા

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જીલ્લાના ૧૬૨ ગામોમાં ૪૧૯ લાભાર્થીઓને પોતાના નવીન ગૃહમાં પ્રવેશ કરાવાયો



મહીસાગર, આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર રાજ્યમાં રૂ. ૧૯૪૬ કરોડના ખર્ચથી નિર્મિત ૪૨,૪૪૧ આવાસોનું લોકાર્પણ કરી લાભાર્થીઓનો ગૃહ પ્રવેશ કરાવ્યો હતો અને રૂ.૨૪૫૨ કરોડના વિવિધ પ્રકલ્પોનું ઈ–લોકાર્પણ અને ખાતમુર્હત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદર્શ સ્કૂલ કોમ્યુનિટી હોલ, લુણાવાડા ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાના કાર્યક્રમમાં જીલ્લા કલેકટર ભાવિન પંડ્યાના હસ્તે પ્રધાનમંત્રી શહેરી અને ગ્રામીણ આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી આપી ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આજે મહીસાગર જીલ્લાના ૧૬૨ ગામોમાં ૪૧૯ લાભાર્થીઓએ પોતાના નવીન ગૃહમાં પ્રવેશ કરીને સુખી જીવનની શરૂઆત કરી છે.

આ પ્રસંગે અગ્રણી પ્રદીપસિંહ રાઠોડે ગૃહ પ્રવેશ કરનાર લાભાર્થીઓને શુભેચ્છા પાઠવતા પ્રાસંગીક પ્રવચન કર્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરતા લુણાવાડા નગરપાલિકાના બુરહાન પટેલે જણાવ્યું કે, આજે લુણાવાડા નગરપાલિકામાં પ્રધાનમંત્રી ગ્રામીણ અને શહેરી આવાસ યોજનાના ૨૫ લાભાર્થીઓનો સ્ટેજ પરથી ચાવી આપી ગૃહ પ્રવેશ કરાવવામાં આવે છે.

આ પ્રસંગે ઉપસ્થિત લોકોને પર્યાવરણને સુરક્ષિત રાખવા શપથ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં બાલિકા દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની આભાર વિધિ લુણાવાડા નગરપાલીકા અજીતસિંહ ગોહિલે કરી હતી. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી જાદવ, નગરપાલિકા ચીફ ઓફિસર દુષ્યંત પંડ્યા, લુણાવાડા નગરપાલીકાના વહીવટદાર અને મામલતદાર, નગરાપાલિકાના પૂર્વે પ્રમુખ સર્વર ભાવનાબેન મહેતા, મણીબેન પટેલ, સ્કૂલના ટ્રસ્ટી કિરીટભાઈ પંડ્યા, અગ્રણીઓ સર્વ મુળજીભાઈ રાણા, હિમાંશુ શાહ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ અને લાભાર્થીઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



લુણાવાડા તાલુકાના સોનેલા ગામે Y20 સંવાદમાં યુથ ટોકનો કાર્યક્રમ યોજ્યો. જેમાં ધવલભાઈ પંચાલ મુખ્ય વકતામાં લોકશાહીમાં સુશાસન અને યુવા હેલ્થ પર યુવાઓ જોડે સીધો સવાંદ કરી માર્ગદર્શન આપ્યું. જેમાં જીલા સંયોજક કમલેશભાઈ મછાર, લુણાવાડા નગર તેમજ તાલુકાના સંયોજકો એ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ રીતે પૂર્ણ કર્યો.

## લુણાવાડામાં પીવાનુ પાણી આપવા પાનમમાંથી પાણી છોડાયુ

લુણાવાડા, લુણાવાડા શહેરમાં પાલિકા દ્વારા અપાતા પાણી ૩ દિવસ ના આવતા રહિશો ભરઉનાળે પાણીની બુમો પાડી રહ્યા છે. લુણાવાડા પાલિકાના વોટર વર્કસના કુવામાં પાણીના સ્તર ઉંડા જતા રહેતા કુવામાં મુકેલ મોટર પાણી ખેંચી ના શકતા શહેરમાં પાણીનો કચવાટ શરૂ થયો હતો. પાનમ નદીમાં રેતીની લીજને લઈ ઠેક ઠેકાણે મોટા ખાડા પડતા પાણી ખાડાવાળા ભાગમાં જતુ રહેતા પાલિકાના કુવામાં પાણી ઓછુ થતાં મોટરો ખુલ્લી થઈ જતા વારંવાર મોટર બળી જતા શહેરમાં પાણીની ભારે તંગી ઉભી થઈ હતી. પંચમહાલ લોકસભાના સાંસદ રતનસિંહ દ્વારા લુણાવાડા શહેરને પીવાના પાણીની અછતના લીધે પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તો પાનમ સિંચાઈ વિભાગને પાનમ ડેમમાંથી પાણી છોડવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી. જેને લઈને પાનમ વિભાગ દ્વારા લુણાવાડા વિસ્તારમાં પાણીની ભારે કિલ્લત ઉભી થતાં પાનમ નદીમાં ૩૬૬ ક્યુસેક પાણી છોડવાનો નિર્ણય લીધો હતોફ ડેમમાંથી નદીમાં તા.૧૦ થી ૧૩ સુધી આશરે ૧.૫૦ મી.ઘ.મી.પાણી છોડવામાં આવશે. પાનમ નદીમાં પાણી આવશે તો પાલિકાના કુવાના પાણીના સ્તર ઉંચા આવવાથી લુણાવાડાની પાણી સમસ્યાનો નિરાકરણ આવશે.

## બાલાસિનોરના ૪૫ ગામોમાં ૧૮ તલાટીઓથી ચલાવાતા વહીવટથી ગ્રામજનો પરેશાન

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના ૪૫ ગામ વચ્ચે ૧૮ તલાટી હોવાથી ગ્રામજનોના કામો અટવાતા હેરાન પરેશાન થઈ રહ્યા છે. જેમાં ૧૩ ગ્રામ પંચાયતની ચુંટણી ન યોજાતા વહીવટદાર તરીકેની નિમણુંક કરવામાં આવી છે. જેના કારણે તલાટીને વધુ ગામોની જવાબદારી હોવાથી તેઓ પણ વધુ કામના ભારણને લઈ કંટાળી ગયા છે. ગામના મહત્વના કામો સ્ટ્રીટલાઈટ, પાણીની સમસ્યા, સફાઈ કામગીરી તેમજ નકકી કરાયેલા કામો સમયસર પુર્ણ ન થવાથી ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. દર બે તલાટીઓ પાસે ૫–૫ ગામોનો ચાર્જ હોવાથી ગામડાઓનો વિકાસ અટકયો છે. સાથે તલાટી કમ મંત્રીઓએ અલગ અલગ ગામડાઓની કામગીરી માટે સમય ફાળવ્યો હોય છે. અરજદારને તલાટી કયા સમયે કયાં હાજર રહેશે તેનો ખ્યાલ ન હોય તેમને પણ કામકાજ હોય જેને લઈ અરજદારના સમયસર કામો થતાં નથી. તેથી વારંવાર ધકકા ખાતા તેમનો સમય અને પૈસાનો વેડફાટ થઈ રહ્યો છે. સમય મર્યાદામાં સરકારી યોજનાઓનો લાભ પણ મળી શકતો નથી. જયારે તલાટી કમ મંત્રીને જે ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા હોય તે અને સોંપી અન્ય પંચાયતની કામગીરીની માહિતી ઉપલા અધિકારીને પહોંચતી કરવાની જવાબદારી પણ હોય છે. ત્યારે ગુજરાત સેવા પસંદગી બોર્ડ દ્વારા તલાટી કમ મંત્રીની પરીક્ષાનુ પરીણામ વહેલુ જાહેર કરી તાત્કાલિક ભરતી પ્રક્રિયા અમલી બનાવાય તેવી લોકો માંગ કરી રહ્યા છે.

## રાજય સરકારના માહિતી ખાતા દ્વારા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૩ તૈયાર

ગોધરા, ધો.૧૦ અને ધો.૧૨ (વિજ્ઞાન, કોમર્સ,આટ્ર્સ) બાદ વિદ્યાર્થી પોતાની કારકિર્દીને ઘડતર કરી શકે તે માટે તેને માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક–૨૦૨૩ તૈયાર કરવામાં આવ્યો છે. કારકિર્દી ઘડતર માટે કયા ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ? કયા અભ્યાસક્રમ ક્યા સ્થળે કરી શકાય છે? ક્યો અભ્યાસક્રમ ક્યા સ્થળેથી કરવા? ઉજ્જ્વળ ભવિષ્ય નિર્માણ અને રોજગારી મેળવવા માટે ક્યો વિકલ્પ પસંદ કરવો? વગેરે જેવા અનેક સવાલો બાબતે વિદ્યાર્થી અને વાલીઓને આ અંક મારફતે દિશા દર્શન થઈ શકે છે. ગુજરાત રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા તૈયાર કરવામાં આવેલા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક–૨૦૨૩માં ધો.૧૦ અને ધો.૧૨ પછી કારકિર્દીના વિવિધ વિકલ્પો, એન્જિનિયરિંગ ફિલ્ડની વિવિધ શાખાઓ, આધુનિક સમયમાં કારકિર્દીના ઉમદા વિકલ્પો, કાયદા, કૃષિ, એરોસ્પેસ, સહિતના ક્ષેત્રે કારકિર્દી વિષયક માર્ગદર્શન ઉપરાંત રાષ્ટ્રીય રક્ષા શકિત યુનિવર્સિટી, ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો, પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા અને ન્યૂ મીડિયા ક્ષેત્રમાં તકો અને બેન્કિંગ ક્ષેત્રમાં કારકિર્દી સહિતનું માર્ગદર્શન આ વિશેષાંક–૨૦૨૩માં આપવામાં આવ્યું છે. યુ.પી.એસ.સી, જી.પી.એસ.સી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિષયક માર્ગદર્શન પણ આ અંકમાં સમાવિષ્ટ છે. ગુજરાતના વિખ્યાત લેખક જય વસાવડા, પુલક ત્રિવેદી, ભવેન કચ્છી, રમેશ તન્ના, બી.એન. દસ્તુર, એસ.આર.વિજયવર્ગીય, અંકિત દેસાઈ, ડો.રાજેન્દ્ર ઉપાદયાય સહિતના પ્રેરણાદાયી લેખો પણ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે, જે વિદ્યાર્થીઓને ઉત્તમ ભવિષ્ય નિર્માણ માટે રાહ ચીંધશે.

જિલ્લા માહિતી કચેરી, કલેકટર કચેરી કંમ્પાઉન્ડ, જિલ્લા સેવા સદન ગોધરા ખાતેથી રૂબરૂમાં કચેરી સમય દરમિયાન (સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ વાગ્યા સુધી) રૂ.૨૦ની કિંમત ચૂકવીને કારકિર્દી વિશેષાંક–૨૦૨૩ પ્રાપ્ત થઈ શકશે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકામાં આવેલ ૬૦ ઉપરાંત ગ્રામ પંચાયત કચેરીમાં સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને જાગૃત ગ્રામજનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અમૃત આવાસોત્સવ કાર્યક્રમ નિહાળવા એકત્રિત થયા હતા. જ્યારે ભોટવા ગ્રામ પંચાયત કચેરી ખાતે સરપંચ, સભ્યો અને તલાટીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અમૃત આવાસોત્સવ કાર્યક્રમ લાઈવ નિહાળ્યો હતો.

## પંચમહાલ જિલ્લામાં ૧૦૭૦૨ વાહન ચાલકોએ રૂ. ૩૪ લાખ ઉપરાંતનો દંડ ૧૩ મે સુધીમાં ભરવા આદેશ આપવામાં આવ્યો

ગોધરા, પંચમહાલ જિલ્લા ટ્રાફિક દ્વારા નિયમોનો ભંગ કરનારાઓ સામે સરકારે નેત્રમ યોજના હેઠળ કેમેરાઓ થકી ચોવીસ કલાક નજર રાખવામાં આવી રહી છે. ત્યારે વર્ષ ૨૦૨૨–૨૩ માં નેત્રમ સેન્ટર પરથી કુલ ૧૫૪૩૧ વાહન ચાલકોને અલગ અલગ કારણોસર નીયમોનો ભંગ બદલ ઈ ચલણ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જે પૈકીના અત્યાર સુધીમાં વાહન ચાલકો પૈકી ૪૭૨૯ વાહન ચાલકોએ ઈ ચલણ ભરી દીધા છે. જોકે, હજુ પણ ૧૦૭૦૨ વાહન ચાલકો તેમનો દંડ ભર્યો નથી. જિલ્લામાં નેત્રમ દ્વારા ઈશ્યુ કરેલ ઈ ચલણ પૈકી જે વાહન ચાલકોએ હજુ દંડ ભર્યો નથી. તેમની સામે જિલ્લા કાનુની સેવા મંડળ દ્વારા રૂ.૩૪,૯૫,૬૦૦ દંડની વસુલાત આગામી ૧૩/૫/૨૦૨૩ ના રોજ જે વાહન ચાલકે ઈ ચલણનો દંડ ભર્યો ન હોય તેની સામે લોક અદાલતમાં કાર્યવાહી થશે. મોટાભાગના વાહન ચાલકોને આપવામાં આવેલા ઈ ચલણમાં સૌથી વધુ ચાલુ ગાડીએ મોબાઈલ પર વાત કરવા માટે દંડ ફટકારયા છે. તે ઉપરાંત સીટ બેલ્ટ વિના ગાડી ચલાવવી, ત્રિપલ સવારી વિગેરે મુદ્દે દંડ ફટકારાયો છે. અત્યાર સુધી ઈ ચલણ નહિ ભરનાર વાહન ચાલકો વિરૂદ્ધ ૧૩ મી મેના રોજ લોકઅદાલતમાં કાર્યવાહી થવાની છે. આગામી ૧૩ મી સુધીમાં વાહન ચાલકો દંડની રકમ બાકી હોય તો ગોધરા પોલીસ અધિક્ષક કચેરી ખાતે નેત્રમ સેન્ટર, વેબ સાઈડ પર કે VISWAS એપ ડાઉનલોડ કરીને ભરી દેવા તથા ૧૩ મી મેના રોજ લોકઅદાલતમાં પણ ઈ ચલણની રકમ ભરી શકાશે.૧૩ મે એ લોકઅદાલતમાં દંડની રકમ નહિ ભરનાર સામે કોર્ટ કાર્યવાહી કરશે.૧૦૭૦૨ વાહન ચાલકોએ રૂ. ૩૪ લાખ ઉપરાંતનો દંડ ૧૩ મી સુધીમાં ભરવા આદેશ આપવામાં આવ્યો હતો.

## રાજગઢ બેસણા ફરિયામાં દીપડાને પકડવા માટે વન વિભાગે પાંજરા ગોઠવતા ખેડૂતોમાં હાશકારો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રાજગઢ બેસણા ફળીયામાં આવેલ ખેતરમાં દીપડાએ કૂતરાનું મારણ કરતા ખેડૂતો ૧૦ દિવસથી દહેશતમાં હતા. જેની જાણ રાજગઢ વન વિભાગને થતા રેન્જ ફોરેસ્ટ ઓફિસર સરલા બહેન કટારા તથા વન વિભાગની ટીમ દ્વારા આજરોજ દીપડાને પકડવા માટે પાંજરૂ મુકવામાં આવ્યું હતું. પાંજરામાં દીપડાને ફસાવવા માટે બકરીનું મારણ મૂકવામાં આવ્યુ હતું. વન વિભાગે પાંજરૂ ગોઠવતા આ વિસ્તારના ખેડૂતોમાં રાહતની લાગણી છવાઈ હતી.

## કાલોલ તાલુકાના મલાવ ખાતે આવેલા કૃપાલુ આશ્રમ ખાતે યુવા સંવાદ કાર્યક્રમ



કાલોલ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુશળ વહીવટને પગલે દેશને G-20નું અધ્યક્ષસ્થાન મળ્યું છે. ત્યારે Y-20ના માધ્યમથી ગુજરાત તથા પંચમહાલ જિલ્લામાં વધુમાં વધુ યુવાનો દેશ હિત અને વિકાસ માટે જરૂરી પોતાના વિચારો રજૂ કરી શકે તે માટે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજયના ગૃહમંત્રી અને રમત–ગમત મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું છે. કાલોલ તાલુકાના મલાવ ખાતે આવેલા કૃપાલુ સમાધિ આશ્રમ ખાતે G-20 અંતર્ગત યુવા સંવાદ કાર્યક્રમ જિલ્લા કલેકટર આશિષ કુમારની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં વકતાઓ દ્વારા યુવા પેઢી મા ગ્લોબલ વોર્મિંગની અસરો અને તેના નિવારણ માટે શું કરી શકાય છે, તેના પર વ્યકતવ્ય રજુ કરીને ઉપસ્થિત યુવાનોને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ તબકકે જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ, વકતા તરીકે ધર્મેશભાઈ મહેતા, ઈશાનભાઈ સોની, કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયદેવ ઠાકોર, જીલ્લા પંચાયત માજી પ્રમુખ રાજપાલ જાદવ, જિલ્લા સંયોજક સહિત યુવા બોર્ડના સંયોજકો અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઘોઘંબા તાલુકાના પરોલી ગામે આવાસ ઉત્સવ કાર્યક્રમ તેમ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી નો લાઈવ પ્રોગ્રામ નિહાળવામાં આવ્યો



ઘોઘંબા, આ કાર્યક્રમમાં કાલોલ મત વિસ્તારના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, તાલુકા વિકાસ અધિકારી,પરોલી ગામના સંરપચ ગણપતભાઈ નાયક, ચીમનભાઈ સોલંકી, હરીશભાઈ પેશરાણા, રણછોડભાઈ રાઠવા સરતાનભાઈ રાઠવા આંગણવાડી કાર્યકરો તેમજ સુપરવાઈઝર બહેનો તથા ગામમાંથી આવેલ આવાસના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પરોલી ગામે નવા બનાવેલા આવાસોનું ફતેસિંહ ચૌહાણના હસ્તે ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો હતો. જેમાં પરોલી રાઠવા ફળિયામાં મુકેશભાઈ ઉદાભાઈ રાઠવા, વદેસિહ ઝીણાભાઈ રાઠવા, નવીન મકાનમાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ દ્વારા ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો હતો. જ્યારે નજરૂભાઈ રાઠવાના ઘરે નવા આવાસ યોજનાનું ખાતમુર્હત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે તાલુકા પંચાયતમાં વહીવટી વિભાગમાં ફરજ બજાવતા શહેરાના એક કર્મચારીને સ્વછતા અંગે પુછવામાં આવતા મોદીનો લાઈવ કાર્યક્રમ હોય અને સ્વછતા વિશે વાત કરતાં હાજર કર્મચારી દ્વારા ગોળ ગોળ જવાબ આપવામાં આવ્યો હતો. જે સ્કૂલમાં કાર્યક્મ રાખવાં આવ્યો હતો. ત્યાં કોઈ પણ જાતની સાફ સફાઈ પણ જોવા ન મળતા આ અંગે જે તે હાજર કર્મચારીને ધારાસભ્યએ ઠપકો આપ્યો હતો.

## ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં ડાૅ.પારસ પટેલને મુકતા જનસમૂહ ઉમટયો

ઘોઘંબા, પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના અનુભવી તબીબની બદલીને લઈ ગ્રામ્ય વિસ્તારો તથા નગરની જનતામાં તંત્ર તથા રાજકીય આગવાનો પ્રત્યે રોષ ફેલાયો હતો. જેની અસર ચૂંટણીઓમાં પણ પડી હતી. ત્યારે હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર તથા કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ દ્વારા ઘોઘંબા રેફરલ હોસ્પિટલના તબીબ ડોક્ટર પારસ પટેલને પુનઃ ઘોઘંબામાં લાવવાનું વચન જાહેરમાં આપ્યું હતું. જે વચનને બંને ધારાસભ્યોએ પાળી બતાવી ડોકટર પારસ પટેલને માનસન્માન સાથે ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં મુખ્ય તબીબ તરીકે પરત લાવતા તાલુકા પંથકમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. નિયુકિત પત્ર લઈ ડોકટર પારસ પટેલ પાંચ વાગ્યે ઘોઘંબા આવવાના હોવાની ખબર ઘોઘંબા પંથકમાં ફેલાતા લોકો સ્વયંભૂ પુષ્પગુચ્છ તથા ફુલહાર લઈ સાંજે ૭:૦૦ વાગ્યા સુધી તેમની રાહ જોઈને ઉભા હતા. તેમના આવ્યા બાદ કુમકુમ તિલક કરી ફૂલહાર થી સ્વાગત કરી તેમના વધામણા કર્યા હતા. ડોક્ટર પારસ પટેલની આવવાની ખુશીમાં ગ્રામજનોએ ફટાકડા ફોડી મીઠાઈ વહેચી ડોકટર પારસ પટેલના આગમનને એક યાદગાર ક્ષણ બનાવી હતી. ત્યારે ડોક્ટર પારસ પટેલના આવ્યા બાદ ઘોઘંબા તાલુકામાં ફરજ બજાવી ચૂકેલા રાજગઢ પોલીસ સ્ટેશનના પૂર્વ પીએસઆઈ આર.આર.ગોહિલને પણ રાજગઢ પોલીસ સ્ટેશનમાં નિયુક્ત કરવામાં આવે તો ઘોઘંબા પંથકના લોકોને સોનામાં સુગંધ ભળે.

## શહેરા ખાતે સિવિલ હોસ્પિટલમાં મધર્સ ડેની ઉજવણી

શહેરા, શહેરા ખાતે સિવિલ હોસ્પિટલના મધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધનવંતરી આરોગ્ય રથના ડાૅકટર શીતલબેન બારીયા તથા આરોગ્ય સંજીવનીના ડાૅકટર વિશાલ પરમાર અને ધનવંતરી આરોગ્ય રથના સ્ટાફ પાયલોટ કિશનભાઈ, પેરામેડીકલ કૈલાશબેન બારીયા, લેબ.ટેકનિશીયન પંકજભાઈ અને લેબર કાઉન્સીલર કમલેશભાઈ રાવળ અને રેણુકાબેન જાદવ તથા આરોગ્ય સંજીવનીના સ્ટાફ પાયલોટ દિગ્પાલસિંહ ઠાકોર, ફાર્માસીસ જુનેદ મિસ્ત્રી અને લેબ.ટેકનીશીયન પંકજ જાદવ હાજર રહ્યા હતા. બી.પી., ડાયાબીટીશ સુમર, ઓકિસજન, હદયના ધબકારા અને સાથે સાથે આભા કાર્ડની માહિતી તથા ઈ–નિર્માણ કાર્ડની માહિતી આપી હતી.

## મોરવા(હ) પોલીસ મથકના અપહરણ ગુન્હાના વોન્ટેડને અંજાર રતનાલ ગામેથી પેરોલ સ્કવોર્ડ ઝડપ્યો

મોરવા(હ), મોરવા(હ) પોલીસ મથકના અપહરણના ગુન્હામાં વોન્ટેડ આરોપીને પેરોલ સ્કવોર્ડને અંજારના રતનાલ ગામેથી ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) પોલીસ મથકે મોરવા(હ)ના રજાયતા ગામના મહેશ રમણભાઈ ચમાર વિરૂદ્ધ અપહરણના ગુન્હો નોંધાયેલ હોય અને નાસતો ફરતો વોન્ટેડ હોય આરોપી અંગે પેરોલ ફલો સ્કવોર્ડને મળેલ બાતમીના આધારે અંજારના રતનાલ ગામેથી મહેશ ચમારને ઝડપી પાડવામાં આવ્યો.

## હાલોલના પાનેલાવ ગામે વરઘોડામાં જુની અદાવતે ઝગડો કરી પથ્થર અને ઈંટો ફેંકતા ચાર જેટલી વ્યકિતને ઈજાઓ

હાલોલ, હાલોલ તાલુકાના પાનેલાવ ગામે ફરિયાદીના ભત્રીજાના લગ્નનો વરઘોડો નિકળેલ હતો. માતાજીના દર્શન કરી પરત ફરતી વખતે આરોપીઓએ જુના ઝગડાની અદાવતે વરઘોડા અહીંથી કેમ કાઢો છે. તેમ કહી ગાળો આપી ઈંટો અને પથ્થર વડે ઈજાઓ પહોંચાડતા હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના પાનેલાવ ગામે દલપતસિંહ પરમારના ભત્રીજાના લગ્નનો વરઘોડો નિકળેલ હતો. વરઘોડો માતાજીના મંદિરે દર્શન કરી પરત ફરી રહ્યા હતા. કિરીટભાઈ ચૌહાણના ઘર આગળ આરોપીઓ અજીત ભુપતભાઈ ચૌહાણ, વિશાલ કિરીટભાઈ ચૌહાણ, કિરીટીભાઈ ચૌહાણ, નરવત ચૌહાણ, દિનેશ પરમાર, હરિશ ચૌહાણ, દેવેન્દ્રસિંહ ચૌહાણ એ જુની ઝગડાની અદાવત રાખી અહીંથી વરઘોડો કેમ કાઢો છો તેમ કહી મંડળી રચી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ વરઘોડામાં પથ્થર અને ઈંટો ફેંક્તા રામસિંહ ઢોચાભાઈ પરમાર, કિરણભાઈ પરમારને માથાના ભાગે તેમજ લલીતાબેન અને અમીતાબેન પરમારને ઈજાઓ થતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ.

## આપની આજ.......

મેષ : આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે. જો તમે વ્યવસાયમાં ભાગીદારી કરવાનું મન બનાવી રહ્યા છો તો આ શ્રેષ્ઠ સમય છે.

વૃષભ : આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો. આજે અન્ય લોકો પાસેથી અતિશય અપેક્ષાઓ ના રાખશો.

મિથુન : આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે, મનમાંથી નકારાત્મક વિચારોને દૂર કરવાનો પ્રયાસ કરો. જો તમે આ નહીં કરો તો તમે ભાવનાત્મક રૂપે દુઃખી થશો. પ્રેમ સંબંધોમાં કોઈને કોઈ વચન આપવાનું ટાળો.

કર્ક : આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે. અતિશય ભાવનાત્મક બનવાનું ટાળો, કારણકે આ તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

સિંહ : આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે. છેલ્લા દિવસોથી તમે જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

કન્યા : આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

તુલા : આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક : ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો સપોર્ટ મુશ્કેલીથી મળશે.

ધનુ : વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે. ધંધામાં ધનલાભ રહેશે કારણકે નસીબ પણ તમને સાથ આપશે.

મકર : આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ : આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન : આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે. વ્યવસાયમાં જટિલ સમસ્યાનો ઉકેલ વરિષ્ઠ વ્યક્તિની સલાહથી ઉકેલવામાં આવશે. લવ લાઈફ સારી રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદમાં કડાણા જળાશય આધારીત પાણીની યોજનામાં મેન્ટેનન્સના નામે પાણી બંધ કરાતા શહેરીજનો પરેશાન

- દાહોદમાં કડાણા જળાશય આધારિત પીવાના પાણીની યોજનામાં અવારનવાર મેન્ટેનન્સના નામે પાણી સપ્લાય બંધ કરી દેતા ભર ઉનાળે પાણી માટે તરસતા શહેરીજનો.
- એજન્સી દ્વારા અવારનવાર મેન્ટેનન્સ કામગીરીનું બહાનું ધરી અનિયમિત રીતે પાણી સપ્લાય આપતા પાણી માટે વળખા મારતા દાહોદ વાસીઓ.

દાહોદ,

એજન્સી દ્વારા નિયમો અને શરતો મુજબ પાણીની મોટરો સ્પેરમાં રાખવાની જગ્યાએ ગણતરીની મોટરો દ્વારા કામ ચલાવ કામગીરી કરતી હોવાનું સામે આવ્યું હતું. પાણી માટે અનેકોવાર રજૂઆતો છતાય કાયમી ઉકેલ ન આવતા જળ સંકટ યથાવત પાણીની સમસ્યાની રજૂઆત લઈને મહિલાઓની આંખોમાં રીતસર આંસુ આવ્યા સ્માર્ટ સિટી દાહોદમાં આમ તો ઘણી ખરી સમસ્યાઓ છે,પરંતુ છેલ્લા કેટલાય સમયથી પાણીની સમસ્યા યથાવત જોવા મળતા શહેરીજનો પાણીની સમસ્યાને લઈ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આમ, પણ નગરપાલિકા દ્વારા ત્રણ દિવસે પાણી સપ્લાય આપતા પાણીની અછત સર્જાવા પામી છે, તો બીજી તરફ કડાણા જળાશય આધારિત પાઈપલાઈનમાં અવારનવાર યાંત્રિક ખામીઓ સર્જાતા એક અઠવાડિયા સુધી પાણીનો સપ્લાય બંધ રહેતા શહેરીજનો તેમાંય ખાસ કરીને કડાણા જળાશય આધારિત પાઈપલાઈન પર નિર્ભર ૨૫,૦૦૦ ની વસ્તી ધરાવતો ગોદી રોડ વિસ્તાર છેલ્લા કેટલાય સમયથી જળ સંકટ સામે ઝઝૂમી રહ્યો છે. હાલ વૈશાખનો મહિનો ચાલી રહ્યો છે, આકરો ઉનાળો તેમજ ધોમ ધક્તા તાપમાનના કારણે ગરમીનો પારો ચરમ સીમાએ પહોંચ્યો છે. હાલમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચવા પામતા સરકાર દ્વારા ઓરેન્જ એલર્ટ પણ આપવામાં આવ્યો છે. ત્યારે આવી પરિસ્થિતિમાં આજે સાતમો દિવસ જઈ રહ્યો છે. ત્યાં સુધીમાં દાહોદ શહેરના સમગ્ર ગોદી રોડ વિસ્તારમાં પાણી સપ્લાય ન આપતા ગોદી રોડ વિસ્તારના લોકોનું ટોળું આજે નગરપાલિકાના સુધરાઈ સભ્ય તેમજ કારોબારી ચેરમેન લખનભાઈ રાજગૌરની ઓફિસે ધસી આવ્યું હતું અને ઉગ્ર રજૂઆતની સાથે પાણીની સમસ્યાઓને લઈને આવેલી કેટલીક મહિલાની આંખોમાંથી રીતસરના આંસુ સરી પડ્યા હતા. છેલ્લા કેટલાય દિવસથી પાણીના ટેન્કરો દ્વારા તેમજ બોર દ્વારા અમુક વિસ્તારના લોકો પોતાની પાણીની જરૂરિયાતો પૂરી પાડી રહ્યા હતા, પરંતુ નાના અને મધ્યમ વર્ગના પરિવારો જેમના માટે કે જેઓ વેચાતું પાણી લેવા માટે સક્ષમ ન હોય અથવા પાણી સંગ્રહ કરવા માટે પૂરતા સંસાધનો પણ નથી. તેવા પરિવારો પાણી માટે ઉનાળામાં રઝળપાટ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે આવી કાળઝાળ ગરમીમાં પાણી સપ્લાયમાં આટલી અનિયમિતતા હોવા છતાં સ્થાનિક વહીવટી તંત્ર જન પ્રતિનિધિઓ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં કેમ વામણા પુરવાર થઈ રહ્યા છે. એક મોટો સવાલ છે દાહોદ સ્માર્ટ સિટી તરફ અગ્રેસર થઈ રહ્યું છે. ત્યારે પાણીના સંકટ સામે એકલું ગોદી રોડ જ નહીં પરંતુ શહેરના ઘણા ખરા વિસ્તારો પણ ઝઝૂમી રહ્યા છે આવા સમયે સંબંધિત વિભાગ તેમજ ચૂંટાયેલા પાખના પ્રતિનિધિઓ શહેરીજનોની પ્રાથમિક અને આવી કાળઝાળ ગરમીમાં મહત્વપૂર્ણ ગણાતી પાણીની સમસ્યાનો ઉકેલ કરે તેવી લાગણી અને માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉગ્ર રીતે ઉઠવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કડાણા જળાશય આધારિત યોજનામાં ભાણા સીમલ આફવા કુંડા મળી ત્રણ સંપ આવેલા છે. આ ત્રણેય સંપો પર નિયમોનુસાર ત્રણ ત્રણ મોટરો સંચાલિત અવસ્થામાં હોવી જોઈએ તેમજ એક એક મોટર એક્સ્ટ્રામાં હોવી જોઈએ પરંતુ તાજેતરમાં આફવામાં બે ભાણા સીમલમાં બે અને કુંડામાં પણ બે મળી કુલ ૬ મોટરો દ્વારા પાણી સપ્લાય આપવામાં આવી રહ્યો છે. આ પ્રમાણે ત્રણેય સંપો પર મળી કુલ ૬ મોટરોની ઘટ છે કડાણા જળાશય યોજનામાં ૧૨ MLD પાણી નક્કી કરવામાં આવ્યું છે, પરંતુ એજન્સી દ્વારા ૧૦ MLD પાણી સવારના સાત વાગ્યાથી સાંજના ૫ વાગ્યાં સુધી ટુકડે ટુકડે આપવામાં આવે છે. જેના પગલે અવ્યવસ્થા સર્જાઈ છે અને પાણી સપ્લાયમાં પણ અનિયમિત્તા ઉભી થાય છે. દાહોદ શહેરમાં આમ, તો ૨૦ MLD પાણીની જરૂરિયાત છે. જે પૈકી ૮ MLD પાણી પાટાડુંગરી તેમજ ૧૨ MLD પાણી કડાણા જળાશય આધારિત યોજનામાંથી પુરૂ પાડવામાં આવે છે, પરંતુ કડાણા જળાશય દ્વારા ટુકડે ટુકડેની જગ્યાએ પાણી સપ્લાય આપવાની જગ્યાએ એક સાથે નિર્ધારિત કરેલો પાણી સપ્લાય આપવામાં આવે તો ગોદીરોડ તેમજ અન્ય વિસ્તારો માટે નિર્ધારિત કરેલા સિડ્યુલ મુજબ પાણી સપ્લાય પુરૂ પાડી શકાય : જેના પગલે આ સમસ્યા મહદઅંશે દૂર થાય તેમ છે. જોકે, ૨૫,૦૦૦ની વસ્તી ધરાવતા ગોદીરોડમાં ૨૮ સોસાયટીઓનો સમાવેશ થાય છે. તેને ત્રણ ઝોનમાં વેચવામાં આવી છે, પાણી પુરવઠા બોર્ડ તેમજ કડાણા જળાશય આધારિત પાઈપલાઈન દ્વારા નિયમો અને શરતો તેમજ નિર્ધારીત કરેલા પાણી સપ્લાયને પૂરૂં પાડવામાં આવે તો આ સમસ્યાનો કાયમી ઉકેલ આવી જાય તેમ છે, પરંતુ ઉપરોક્ત ખામીઓના લીધે દાહોદ શહેરમાં ભરઉનાળે જળ સંકટ ઉભો થવા પામ્યો છે અને તેમાં કડાણા જળાશય આધારિત પાણીની પાઈપલાઈન પર નિર્ભર ગોદી રોડ વિસ્તારની પરિસ્થિતિ તો વધુ કપરી બનવા પામી છે.

## દાહોદ ગોદી રોડ અંડરબ્રીજ પાસે એક્સ-રે વાનમાં આગ લાગતાં અફરાતફરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના ગોદી રોડ અંડર બ્રિજ પાસે એક ખાનગી હોસ્પિટલમાં પેસન્ટ મૂકી પાછી સેન્ટર પર જઈ રહેલી એક્સરે વાનમાં અગમય કારણોસરમાં આગ લાગતાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ સ્થાનીક ફાયર ફાઈટરના લાશ્કરોને થતાં ફાયર ફાઈટરના લાશ્કરોએ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. સદ્નસીબે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

ચાકલીયા રોડ પર સ્થિત ખાનગી હોસ્પિટલમાં પેસેન્ટને મૂકી ઈકો એક્સરે વાન દાહોદના અંડર બ્રીજ પરથી પસાર થઈ રહી હતી. ત્યારે અચાકજ ગાડીમાંથી ધુમાડો નીકળતા જોત જોતામાં આંગએ વિકરાળરૂપ ધારણ કરી લેતા આખી એક્સરે વાનં બળીને ખાક થઈ હતી. દાહોદના દર્પણ રોડ નજીક આવેલ એક્સરે હાઉસની એક્સરે વાન બપોરના સમયે દાહોદના ચાકલીયાં રોડ પર સ્થિત ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ દર્દીને મૂકી ગોદીના અંડર બ્રીજ નીચેથી એક્સરે વાનં લઈ પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન એક્સરે વાન ચાલક સેતનભાઈ ખપેડને ગાડી માંથી ધુમાળો નીકળતા જોતા સાવચેતીના ભાગરૂપે ચાલક સેતનભાઈ ખપેડ ગાડી રસ્તા પરજ મૂકી એક્સરે વાનની બહાર આવી ગયા હતા. ત્યારે તાત્કાલિક ગાડીમાંથી ધુમાણો નીકળવાની જાણ એક્સરે હાઉસના સંચાલકને કરતા જોત જોતામાં એક્સરે વાનં માંથી આંગના ગોટે ગોટા નીકળવા લાગ્યા હતા. એક્સરે વાનંમાં આંગ લાગવાની જાન દાહોદ અગ્નિશામક દળને કરતા અગ્નિશામક દળ તાતકાલિક દોડી આવી એક્સરે વાનંમાં લાગેલી આંગણે ભારે જેહમત બાદ આગને ઓલવી દેવામાં આવી હતી, પણ ભયકર લાગેલી આગએ આખી ગાડી બળીને ખાખ થઈ હતી. એક્સરે વાનમાં આગ લાગતા વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયાં હતા.

## ધોમધખતા તાપમાં હીટવેવલૂ લાગવાથી બચવા દાહોદના નાગરિકો આ ઉપાય અજમાવે

દાહોદ,

દાહોદ જીલ્લામાં અસહ્ય ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. આવા ધોમધખતા તાપમાં જો તકેદારી ન રાખવામાં આવે તો હીટ વેવલૂ લાગવા જેવી શક્યતાઓ નકારી ન શકાય. રાજ્યભરમાં પણ ગરમીનો આ જ માહોલ છે ત્યારે ઉનાળામાં હીટ વેવથી બચવા નાગરિકો માટે રાજ્ય સરકારે માર્ગદર્શિકા જારી કરી છે. જે મુજબ કેટલીક આવશ્યક તકેદારી રાખવાથી અસહ્ય ગરમીથી રાહત તેમજ હીટવેવથી બચાવ થશે.

લીંબુ શરબત, મોળી છાશ, તાડફળી અને નારીયેળનું પાણી, ખાંડ-મીઠાના પીણાં પીવા જોઈએ. બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક, બરફ વગેરેનો ઉપયોગ ટાળવો. લગ્ન પ્રસંગમાં દૂધ માવાની આઈટમ ખાવી નહીં. ચા-કોફી અને આલ્કોહોલના સેવનથી લૂ લાગવાની શક્યતા વધે છે, તેથી તેનું સેવન કરવાનું ટાળવું. બપોરે બે થી ચાર વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળવું.

હીટ વેવ દરમિયાન જરૂરી ન હોય તો ઘરની બહાર નીકળવાનું ટાળવું. આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ ખુલતા કપડા પહેરવા. ટોપી, ચશ્મા, છત્રીનો ઉપયોગ કરવો જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓએ તડકામાં વિશેષ કાળજી લેવી. ભીના કપડાથી માથું ઢાંકી રાખવું, અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું અને વારંવાર ઠંડુ પાણી પીવું.

વરિયાળી, કાચી કેરી, ગુલાબ, ખસ અને કાળી દ્રાક્ષનું શરબત પીવું જોઈએ. રાત્રે ૧૦ નંગ કાળી દ્રાક્ષ પાણીમાં પલાળી સવારે આ પાણી પીવું અને દ્રાક્ષ ખાવી, તરબૂચનો ઉપયોગ સવાર અને બપોરે કરવો જોઈએ.

માથું દુઃખવું, પગની પિંડીઓમાં દુઃખાવો થવો, શરીરનું તાપમાન વધવું, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછું થવું, ઉલટી, ઉબકા, ચક્કર, આંખે અંધારા આવવા, બેભાન થઈ જવું, સુધ-બુધ ગુમાવી દેવી, અતિ ગંભીર કિસ્સાઓમાં ખેંચ આવવી વગેરે હીટ વેવનાં લક્ષણો છે. લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર કે સરકારી દવાખાનાનો સંપર્ક સાધવો જોઈએ.

ખેડૂતોએ કૃષિ માટે ઊભા પાકને વારંવાર પિયત આપવું અને નિંદામણ કરીને જમીનને ભેજવાળી રાખવી જોઈએ. ગાય-ભેંસો સહિતના પ્રાણીઓને છાંયડામાં રાખવા અને પીવા માટે પુષ્કળ પ્રમાણમાં ઠંડુ અને સ્વચ્છ પાણી આપવું. મરઘાઘરમાં પડદા અને યોગ્ય વેન્ટિલેશન રાખવું જોઈએ. બપોરના કલાકો દરમિયાન ઢોરને ચરાવવા લઈ જવા કે દાણ આપવાનું ટાળવું જોઈએ.

## ગરબાડા મીનાકયાર બોર્ડર પર ઈકો ગાડી ૭૪ હજારના દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા પોલીસે મીનાક્યાર બોર્ડર ઉપરથી ઈકો ગાડી માંથી ૭૪૮૨ ના વિદેશી દારૂ સાથે બે ઈસમોને ઝડપી પાડી જેલ ભેગા કર્યા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા પોલીસ સ્ટાફના માણસો મીનાંક્યાર એમ.પી. બોર્ડર ઉપર વાહન ચેકિંગમાં હતા. તે દરમિયાન સેજાવાડા તરફથી એક ઈકો ગાડી આવતા તેને ઉભી રખાવી ગાડીમાં તલાસી લેતા ગાડીની વચ્ચેની સીટ માંથી ભારતીય બનાવટોની વિદેશી દારૂની પેટીઓ જેમાં દારૂના અલગ અલગ માર્કની બોટલ નંગ ૬૬ કિંમત રૂપિયા ૭૪૮૨ થતા પોલીસે પોલીસે ઈકો ગાડીમાં સવાર બે ઈસમોને પકડી પાડી તેમજ મુદ્દાઓની હેરાફેરી કરવા માટે ઉપયોગમાં લીધેલ ઈકો ગાડી જેની કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ ૫૭,૪૮૨ ના મુદ્દા માલ સાથે બે સમયેને પકડી પાડી ગરબાડા પોલીસ મથકે લાવી જેલના સળિયા પાછળ ધકેલી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## ફતેપુરા તાલુકામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ઉપર સંચાલક કમ કુકની ખાલી જગ્યાઓ ભરાશે

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ઉપર સંચાલક કમ કુકની ખાલી જગ્યા માટે લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમુનામાં અરજી ફોર્મ રજીસ્ટર પોસ્ટ એડીથી અથવા મધ્યાહન ભોજન યોજના શાખા, મામલતદાર કચેરી ખાતે રૂબરૂમાં તા. ૨૦/૫/૨૦૨૩ સુધી કચેરી સમય દરમ્યાન મંગાવવામાં આવે છે. નિમણૂંક અંગેની લાયકાત-શરતો કચેરીના નોટીશ બોર્ડ ઉપર જોઈ શકાશે. ફોર્મ મભય શાખા મામલતદાર કચેરીથી મેળવવાનું રહેશે. સંચાલક કમ કુકની જગ્યા આ કેન્દ્રો ખાતે ભરવાની છે. જેમાં મોરમહુડી પ્રાથમિક શાળા, વડવાસ મુખ્ય પ્રાથમિક શાળા, ટાઢીગોળી પ્રાથમિક શાળા, નાનાસરણૈયા પ્રાથમિક શાળા, નવાગામ પ્રાથમિક શાળા, બારસાલેડા પ્રાથમિક શાળા, પોહટાળી વર્ગ પ્રાથમિક શાળા, બારસાલેડા, ઉડાવેળા વર્ગ પ્રાથમિક શાળા, વડવાસ, નાની પચોર ફ. વર્ગ મારગાળા, સુકીદેવી વર્ગ નાની ઢઢેલી, ગલાલપુરા ફ. વર્ગ વડવાસ, રાઠોડ ફ. વર્ગ નવાગામ, તળગામ ફ. વર્ગ જગોલા, ડામોર ફ. વર્ગ, ઝેરનો સમાવેશ થાય છે.

## દાહોદના ખરેડી ડુંગરા ફળિયા ખાતે પટેલિયા સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો



દાહોદ,

પટેલિયા સમાજ સેવા ટ્રસ્ટ, દાહોદ દ્વારા સંપૂર્ણ સહકાર અપાયો હતો. સમાજમાં નવી પેઢી થકી પ્રવેશતા કુરિવાજો, ખોટા ખર્ચાઓ અને દેખા દેખી કરીને ખર્ચ કરીને દેવામાં ડૂબતા સમાજને સાચી દિશા આપવાનું ઐતિહાસિક પહેલ ખરેડીના પટેલિયા સમાજજનો દ્વારા કરાતા સૌ ઉપસ્થિતજનો એ તેમની ભારોભાર પ્રસંશા કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ નવયુગલોને શુભેચ્છાઓ અને ભેટની પણ જાહેરાત કરાઈ હતી. સમૂહ લગ્નને સફળ બનાવવા દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, બ્રહ્માકુમારી દાહોદ કેન્દ્રના કપિલા દીદી, જીલ્લા પંચાયત ખરોદાના જીલ્લા પંચાયત સભ્ય નિરજ મેડા, પટેલિયા સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ ગોપાલસિંહ પરમાર, ઉપપ્રમુખ હીરાલાલ સોલંકી, ખરેડી ગ્રામ પંચાયતના સરપંચ રાજેન્દ્ર ચૌહાણ, ગલાલિયાવાડ ગ્રામ પંચાયતના સરપંચ હર્ષદ નિનામા, સમાજના આગ્રગણ્યો ડો.હિતેશ રાઠોડ, ડો.અમરસિંહ ચૌહાણ, ગુલાબસિંહ પરમાર, માનસિંહભાઈ પરમાર, કનુભાઈ પરમાર, દિનેશભાઈ રોઝ, દેવાભાઈ રાઠોડ, રતનસિંહ બામણિયા, કિશોરસિંહ પરમાર, ગુલાબસિંહ રોઝ તથા વિશાળ સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યાં હતા. સમાજના સમૂહ લગ્નોત્સવના કાર્યક્રમનું સંચાલન પટેલિયા સેવા સમાજ ટ્રસ્ટ, દાહોદના મંત્રી મથુરભાઈ રાઠોડે કર્યું હતું.

## દાહોદ જીલ્લાના ૦૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ અંતર્ગત પ્રમાણિત



દાહોદ,

નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ NQAS અંતર્ગત કેન્દ્ર સરકાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ ઍન્ડ વેલનેસ કેન્દ્રોની આરોગ્ય સેવાઓનું મુલ્યાંકન કરીને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સર્ટીફીકેટ અપાય છે. આ પ્રક્રિયા દરમ્યાન આરોગ્ય વિભાગના સ્ટાફનું આરોગ્યલક્ષી જ્ઞાન રજીસ્ટર અને આપવામાં આવતી આરોગ્ય સેવાઓનો સમાવેશ કરવામાં આવે છે. NQAS અંતર્ગત આરોગ્ય સેવાઓની ગુણવત્તાની ચકાસણીમાં સગર્ભા પ્રસૂતાની સેવા, બાળ સંભાળ અને સારવાર, કુટુંબ કલ્યાણની સેવાઓ, ચેપીરોગનું સંચાલન, સામન્ય રોગોની સારવાર, ઈમરજન્સી સેવાઓની ગુણવત્તાની ખાતરી રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો દ્વારા કરાય છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન દાહોદ જીલ્લાના કુલ ૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ચકાસણી કરવામાં આવી હતી. તેમા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલવાણી ૮૩.૩૮% પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રેટીયા ૭૯.૯૬% પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાવકાને ૭૫.૦૩% તમામ માપદંડોમાં ખરા ઉતરતા તેમને NQAS પ્રમાણ પત્ર આપવામાં આવ્યું હતું. જીલ્લા વિકાસ અધિકારી તેમજ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ હજુ પણ દાહોદ જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ ઍન્ડ વેલનેસ સેન્ટરને વધુ સુવિધાઓ ઉભી કરીને NQAS સર્ટીફીકેટ માટે તૈયાર કરવામાં આવી રહ્યાં છે.

## આઈ ખેડુત પોર્ટલ પર પાણીના ટાંકા બનાવવા અને સ્માર્ટફોનની ખરીદી પર સહાય યોજના માટે ઓનલાઈન અરજી કરી શકાશે

દાહોદ,

ખેડુતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનાનો લાભ ઘરઆંગણે આસાનીથી મળી રહે તે હેતુસર www.ikhedut.gujarat.gov.in પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. આ પોર્ટલ મારફત સને ૨૦૨૩-૨૪ માટે સહાય અરજીઓ મેળવવાની થાય છે.

રાજ્યના ખેડુતોને ખેતીવાડી ખાતાની પાણીના ટાંકા બનાવવા સહાય અને સ્માર્ટફોનની ખરીદી પર સહાય યોજના મહત્તમ લાભ મળી રહે તે આશયથી રાજ્ય સરકારે સને ૨૦૨૩-૨૪ માટે આઈ ખેડુત પોર્ટલ તારીખ ૧૫/૦૫/૨૦૨૩ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે થી ખેડુતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવશે.

ખેડૂતો એ બાબતનું ખાસ ધ્યાન રાખે કે, આ વર્ષે અરજીઓ મેળવવા બાબતે સુધારો કરી લક્ષ્યાંકની ૧૧૦% મર્યાદામાં અરજીઓ ઓનલાઈન થાય તે મુજબ નક્કી થયેલ છે. જે ધ્યાને લઇ રાજયના તમામ ખેડુતોને આ ઘટકોમાં સહાય મેળવવા માટે વહેલા તે પહેલાના ધોરણે ઓનલાઈન અરજી કરી, અરજીની નકલ પોતાની પાસે રાખવાની રહેશે.


પૂર્વ મંજુરી મળ્યેથી અરજીની નકલ સાથે જરૂરી સાધનિક દસ્તાવેજ આપને સબંધિત કચેરીએ મોકલવાનારહેશે. અન્ય ખેતીવાડીની સહાયકારી યોજનાઓના ઘટકો માટે સમયાંતરે સરકારમાંથી વહીવટી મંજૂરી મળ્યેથી આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરવા માટે પોર્ટલ ખોલવામાં આવશે.

## સીંગવડ ગામે કોલ્ડ્રિંક્સની દુકાનમાંથી ૧.૧૪ લાખના દારૂ સાથે બે ઈસમો ઝડપાયા

દાહોદ,

દાહોદ એસ.પી.એ. આપેલી દારૂ-જુગારની સ્પેશિયલ ડ્રાઈવ અનુસંધાને એલસીબી પી.આઈ. કે.ડી. ડિંડોરની સુનામા એલસીબી પી.એસ.આઈ. એમ.એલ. ડામોર, પી.એસ.આઈ. જે.બી. ધનેશા તથા સ્ટાફ રણધિકપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન સીંગવડ ગામમાં રહેતો જયદિપકુમાર ઉર્ફે કુલો બાબુ રાવલ સીંગવડ-પીપલોદ રોડ ઉપર આવેલ તેની નવરંગ કોલ્ડ્રિંક્સની દુકાન ઈંગ્લીશ દારૂનો લાવી વેચાણ કરવા મુકી રાખ્યો હોવાની બાતમી મળી હતી. જેના આધારે એલસીબીએ તેની દુકાનમાં રેઈડ કરતા દુકાનમાં હાજર બે લોકો પોલીસને જોઈ ભાગતા દુકાન માલિક જયદિપકુમાર રાવલ તથા સીંગવડ ગામના ચુંદડી રોડ સહકારી મંડળીની પાછળ રહેતા ગીરવતસિંહ ઉર્ફે ગીરીયો રણજીતસિંહ બારીયાને ઝડપી પાડ્યા હતા. દુકાનમાં તલાશી લેતા અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૨૦ પેટીઓ તથા છુટી બોટલો ૬૩ મળી કુલ ૧,૧૪,૭૫૫ રૂપિયાની ૯૦૩ બોટલો મળી આવી હતી. જથ્થા સાથે બંનેની ધરપકડ કરી એલ.સી.બી.ના મનહરભાઈ રાઘુભાઈએ બંને સામે રણધિકપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## રશિયાએ યુક્રેન પર હુમલો કર્યા પછીની સ્થિતી જેવા દ્રશ્યો હાલ દાહોદ શહેરમાં જોવા મળ્યા



દાહોદ,

દાહોદમાં સ્ટેશનરોડ પર જેસીબી, હિટાચીનું સામુહિક આક્રમણ થતાં શોપીંગ સેન્ટરો કડડડભુસ થયા, રશિયાએ યુક્રેન પર હુમલે કર્યા પછીની સ્થિતિ જેવા દ્રશ્યો સર્જાયા.

દાહોદ શહેરમાં બીજા દિવસે પણ મેગા ડીમોલીશન ડ્રાઈવ ચાલુ રાખવામાં આવી છે. શહેરના સ્ટેશન રોડ પર જેસીબી મશીનોની જાણે ફોજ ખડકાઈ ગઈ હોય તેમ ચારે બાજુથી મસ મોટા શોપીંગ સેન્ટરો તોડવાનુ કામ યુધ્ધના ધોરણે ચાલી રહ્યુ છે. કેટલાક શોપીંગ સેન્ટર કાયદેસરના હોવાની દાવોં કરવામાં આવી રહ્યો છે. ત્યારે કેટલીક દુકાનોના માત્ર ઝુકાટ જ તોડવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે પરંતુ તંત્ર શું નિર્ણય લેશે તેના પર વેપારીઓની મીટ મંડાયેલી છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ રોડ બનાવવાના હોઈ મુખ્યત્વે રોડ પહોળા કરવા માટે મેગા ડીમોલીશન ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જેમાં ગુરૂવારે પાલિકા ચોકથી માણેક ચોક સુધીના દબાણો દુર કરવામાં આવ્યા હતા. જેમાં આશરે ૪૦ જેટલી દુકાનોનો ખાત્મો બોલાવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત પડાવ તેમજ નેતાજી બજારમાં ઓટલા, પગથિયા અને ઝુકાટ પણ તોડી પાડવામાં આવ્યા છે. ઘણે ઠેકાણે નાગરિકોને જાતે જ દબાણો દુર કરવા કડક સુચના આપવામાં આવી છે. ત્યારે કેટલાક વિસ્તારોમાં ઝુકાટ બાબતે વિસંગતતાઓ પણ પ્રવર્તિ રહી છે અને લોકોના મનમાં કેટલાક પ્રશ્નો પણ ઉભા થયેલા છે.

બીજી તરફ ત્રીજા રાઉન્ડમાં સ્ટેશન રોડ પર દબાણ હટાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં જેસીબી અને હીટાચી મળી ૧૨ જેટલા મશીનો કામે લગાડવામાં આવ્યા છે. જેથી કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાય. આમ, સ્ટેશન રોડ પર જ્યાં દેખો ત્યાં તોડફોડ જ દેખાઈ રહી છે અને કાટમાળના ઢગલા ખડકાઈ ગયા છે. ગઈકાલે પાલિકા વિસ્તારમાં દબાણો તોડ્યા પછી સ્ટેશન રોડ પર મોટા ભાગના વેપારીઓએ જાતે જ દુકાનો ખાલી કરી દીધી હતી. જેથી કોઈ અફરા તફરીનો માહોલ સર્જાયો નથી. જોકે, વેપારી આલમમાં અજંપા સાથે ચિંતાનુ વાતાવરણ સ્વાભાવિક રીતે જ સર્જાયેલુ છે. ત્યારે આજે જ્યારે સમગ્ર સ્ટેશન રોડ પરના દબાણો હટાવી દેવામાં આવશે તો જૂની પેઢીના જે લોકો જિવિત છે. તેમજ સીનીયર સીટીઝન્સને જૂનું દાહોદ યાદ આવશે તે નિશ્ચિત છે.

સ્ટેશન રોડ પર સાત જેટલા શોપીંગ સેન્ટર પર સરકારી હથોડો ફરી વળ્યો છે, તો બાકીના શોપીંગ સેન્ટરોના ઝુકાટ તોડવાની કામગીરી ચાલી રહી છે. જેથી કેટલાયે પરિવારોના ભરણ પોષણનો પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે વિકાસની ગતિની સાથે તંત્ર દ્વારા પુનઃસ્થાપનની પ્રક્રિયા પણ ઝડપી બને તેવુ અસરગ્રસ્તો ઈચ્છી રહ્યા છે અને અન્ય શહેરીજનો પણ તેવા મતમાં છે. કારણ કે સ્માર્ટ રોડ પણ આધુનિક વિકસિત દાહોદની માંગ છે, પરંતુ તેની સાથે શહેરનો આર્થિક વિકાસ પણ એટલો જ જરૂરી છે અને વિસ્થાપિત થયેલા વેપારીઓની વૈકલ્પિક વ્યવસ્થા પણ એટલી જ મહત્વની છે.

**બોક્સઃ** અસરગ્રસ્તોનોનો એક જ પ્રશ્ન, હવે શું?

દબાણ હટાવ કામગીરી હવે સર્વ સ્વીકૃત થઇ ચુકી છે અને દરેક વ્યક્તિએ સમજી લીધું છે કે દબાણ હશે તો તૂટવાનું જ છે. ત્યારે નગર પાલિકાના શોપીંગ સેન્ટરોમાં જે વેપારીઓએ ધંધો કરતા હતા. તેઓનો એક જ પ્રશ્ન છે કે હવે શું થશે. ત્યારે એમ પણ જાણવા મળ્યું છે કે જવાબદારો દ્વારા આ બાબતની સમીક્ષા પણ શરૂ કરવામાં આવી છે અને તજજ્ઞો સાથે તેની ચર્ચાઓ પણ ચાલી રહી છે. નિયમોનુસાર વહેલામાં વહેલી તકે વૈકલ્પીક વ્યવસ્થા ઉભી કરવા માટે શું કવાયત કરવી પડે તે દિશામાં પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા હોવાની માહિતી પણ પ્રાપ્ત થઇ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.223

# ગોધરા શહેરનું મુખ્ય ST બસ સ્ટેન્ડ ચોમાસા પહેલા ખસેડી લઈ

## ભુરાવાવ ST વર્કશોપ ખાતે બે વર્ષ માટે કાર્યરત કરવામાં આવશે : જે માટે પંચમહાલ જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડ્યું

ગોધરા,

ગોધરા શહેરમાં હાલ શહેરા ભાગોળ વિસ્તારમાં આવેલા રેલવે ફાટક ખાતે અંડરબ્રીજ બનાવવામાં આવી રહેલી કામગીરી અને યોગેશ્વર સોસાયટી થી નવીન બ્રીજની કામગીરી ચાલુ હોવાના કારણે ગોધરા શહેરમાં ટ્રાફિક નિવારણ માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે ગોધરા શહેર ખાતે આવેલું મુખ્ય એસ.ટી.બસ સ્ટેન્ડ આગામી બે વર્ષ માટે ગોધરા શહેરમાં ચાલતા વિવિધ વિકાસના કામો પૂર્ણ ના થાય ત્યાં સુધી ભૂરાવાવ વિસ્તારમાં આવેલા એસ.ટી.વર્ક શોપ ખાતે ખસેડવાનો નિર્ણય પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે ચોમાસાની ઋતુ પહેલા હાલ કાર્યરત




એસ.ટી.બસ સ્ટેન્ડને તેના નિયત સ્થળેથી ખસેડી લઈ ભુરાવાવ એસ.ટી.વર્ક શોપ ખાતે ખસેડવામાં આવશે અને કાર્યરત કરવામાં આવશે. ગોધરા શહેરમાં આ સમયગાળા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારદારી વાહનો અને અન્ય નાના મોટા વાહનો માટે રૂટ ડાયવર્ટ અંગેનું પંચમહાલ જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે.

ત્યારે આ અંગે ગોધરા એસ.ટી.વિભાગના નિયામક બી.આર.ડિંડોર નાં જણાવ્યા અનુસાર શહેરા ભાગોળ ખાતે રેલવે પ્રશાસન દ્વારા અંડર બ્રીજનું કામ શરૂ કરવામાં આવ્યું છે.જેના કારણે ત્યાંથી રાહદારીઓ અને વાહન ચાલકો માટેનો ટ્રાફિક બંધ કરવામાં આવ્યો છે. જે અંગે જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. જેના અનુસંધાનમાં ગોધરા એસ.ટી.નિગમને પણ હાલમાં કાર્યરત બસ સ્ટેન્ડ ને ભુરાવાવ વિસ્તારમાં આવેલા એસ.ટી.વર્ક શોપ ખાતે શિફ્ટ કરવાની સૂચના આપવામાં આવી છે. પરંતુ ભુરાવાવ એસ.ટી.વર્કશોપ ખાતે હંગામી બસ સ્ટેશન બનાવવા માટે અંદાજીત બે થી ત્રણ માસનો સમય લાગી શકે તેમ છે. કારણ કે, મુસાફરો માટે પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પેસેન્જર વેઈટિંગ હોલ, ડ્રાઈવર કંડક્ટર રેસ્ટ રૂમ, મુસાફરો માટે કેન્ટીન, વિવિધ સ્ટોલ, વાહન પાર્કિંગ સહિતની માળખાકીય સુવિધા આયોજન પૂર્વક ઊભી કરવી જરૂરી છે.

આમ, હંગામી એસ.ટી.બસ સ્ટેન્ડ બનાવવા મામલે જરૂરી નિર્ણય અમારી મધ્યસ્થ કચેરી અમદાવાદ ખાતેથી લેવાનાર હોઈ અને બાંધકામ બાબતે જરૂરી ચર્ચા વિચારણા થઈ રહ્યા છે. ત્યારે ટુંક સમયમાં જ નિગમ દ્વારા આર્કિટેક્ચરની નિમણુંક કરી હંગામી એસ.ટી.બસ સ્ટેન્ડના બાંધકામ અંગે જરૂરી નિર્ણય લેવામાં આવશે.

ભુરાવાવ ચાર રસ્તા પર આવતા તમામ ભારે માલવાહક વાહનો અને તેવા વાહનો કે જે ગોધરા મેઈન બજારમાં તેઓનો માલ લોડ-અનલોડ કરવા આવનાર છે. તેઓ છબનપુર ચાર રસ્તાથી બાયપાસ રોડ ઉપર ડાઈવર્ટ કરી કંકુથાંભલા, પરવડી ચાર રસ્તા, ગદુકપુર હાઈવે, તુપ્તિ હોટલ, કોઠી મોટર્સની ડાબી બાજુવાળી કોઠી સ્ટીલ કંપની સાતપુલ, રોઝી હોટલ, મેડ સર્કલ, ચોકી નં.૭, રેલ્વે સ્ટેશન, ચોકી ન.૬, ભાવરાઈ દેસાઈ ચોક કે જયાં આજુબાજુમાં ગોડાઉન આવેલ છે. તે રૂટ ઉપરથી જ અવર-જવર કરશે. બરોડા હાઈવે થી ગોધરામાં પ્રવેશ કરતા તમામ ભારે માલવાહક વાહનો અને તેવા વાહનો કે જે ગોધરા મેઈન બજારમાં તેઓનો માલ લોડ-અનલોડ કરવા આવનાર છે. તેઓ તૃપ્તિ હોટેલ, કોઠી મોટર્સની ડાબી બાજુવાળી કોઠી સ્ટીલ કંપની સાતપુલ, રોઝી હોટલ, મેડ સર્કલ, ચૌકી નં.૭, રેલ્વે સ્ટેશન, ચોકી નં. ૬, ભવરાઈ દેસાઈ ચોક કે જયાં આજુબાજુમાં ગોડાઉન આવેલ છે. તે રૂટ ઉપરથી જ અવર-જવર કરશે. ભુરાવાવ ચાર રસ્તાથી ગોધરા મેઈન બજારમાં પ્રવેશ કરવા માંગતા ટુ-થ્રી વિલર તથા નાની મોટર કારને અમદાવાદ હાઈવે, સીમલા, ભામૈયા જકાતનાકા ત્રણ રસ્તા, પોસ્તી હોટલ, રેલ્વે ગરનાળા, મૈડ સર્કલ, ચોકી નં.૭, રેલ્વે સ્ટેશન, ચોકી નં. ૬, ભવરાઈ દેસાઈ ચોક કે જયાં આજુબાજુમાં ગોડાઉન આવેલ છે, તે રૂટ પરથી અવર-જવર કરીને ગોધરા મેઈન બજારમાં પ્રવેશ કરશે. ભુરાવાવ ચાર રસ્તાથી ગોધરા મેઈન બજારમાં પ્રવેશ કરવા માંગતા ટુ-થ્રી તથા નાની મોટર કારને ગોધરા બ્રિજ લાલબાગ ચાર રસ્તા, શહેરા ભાગોળ ચાર રસ્તા તરફ મેઈન બજારમાં પ્રવેશ કરવાનો રહેશે.

## કાલોલ ગધેડી નાળા પાસે ખુલ્લી ગટરના તુટેલા ઢાંકણામાં ગાય ખાબકી

કાલોલ,

કાલોલ નગરમાં ગધેડી ફળીયાના નાળાં પાસે આવેલી ખુલ્લી ગટરનાં તૂટાફૂટા ઢાંકણામાં ગાય ખાબકી.કાલોલ નગરપાલિકાના વિસ્તારમાં કેટલીક ગટરનાં ઢાંકણા તુટી ગયા છે. ગટરોના તુટેલા ઢાંકણાના કારણે સ્થાનિક નગરજનો, વાહનો સહિત મુંગા પશુઓ માટે પણ ખતરારૂપ નિવડે છે. કાલોલ પાલિકાની લાલિયાવાડીના કારણે ખુલ્લા ઢાંકણામાં અવાર-નવાર વાહનો પશુઓ ખાબકી જવાના અનેક કિસાઓ બનવા છતાં તંત્ર ‘‘આંખ આડા કાન’’ કરી રહ્યું છે. કાલોલ નગરમાં ગુરૂવાર નારોજ પાલિકા વિસ્તારમાં આવેલ ગધેડી ફળીયામાં તુટાફૂટા ઢાંકણાનાં કારણે વધુ એક ગાય ગટરમાં ફસાઈ. ગટર પાસે નગરપાલિકાના ડસ્ટબિનના અભાવનાં કારણે આસપાસના ધંધાદારીઓ તેમજ રહીશો કચરાનો ઢગલો કરતાં હોય છે. જે કાલોલ નગરપાલિકાની બેદરકારીનું કારણ



દશોવે છે. જેનાં કારણે નગરમાં રખડતા મુંગા પશુઓ કચરામાંથી ખોરાક મેળવતાં હોય છે. પરંતુ ખોરાકની શોધમાં નીકળી ગયેલ મુંગા પ્રાણીઓ ખુલ્લી ગટરોમાં લપસી પણ પડતાં હોય છે. કાલોલ નગરની ખુલ્લી ગટરમાં ૧૧ મે નાં રોજ ગધેડી ફળીયાના નાળાં પાસે એક ગાય પોતાના ખોરાક માટે કચરાના ઢગલાં પાસે ફરતી હતી. તે સમયે પાસેની ખુલ્લી ગટરમાં ગાયનો પગ લપસી પડતાં ગાય ગટરમાં ખાબકી ગઈ હતી. જેના કારણે નજીકનાં જીવદયાપ્રેમીઓ દ્વારા તાત્કાલીક ખાનગી જેસીબી મશીન મંગાવી તાબડતોબ બનાવ સ્થળે જે.સી.બી. મશીન દ્વારા ગાયને બહાર કાઢવામાં આવી હતી. જેમાં ગાયને ગટરમાં પડેલી જોઈને તેને બહાર કાઢવામાં ક્યાંક સહભાગી બનેલા કેટલાંક સ્થાનિક રહીશોએ નગરપાલિકા સામે છુપા રોષ સાથે નગરપાલિકાનાં વિસ્તારમાં કેટલીક ગટરનાં ટુટેલા ઢાંકણાના કારણે રાહદારીઓ સહિત મુંગા પશુઓનાં જીવ માટે જોખમી સાબિત થાય તે પહેલાં તુટેલા ગટરના ઢાંકણા ગટર ઉપર લોખંડની જાળી અથવા પત્થરનો સ્લેબ તાત્કાલિક બેસાડવામાં આવે તેવી માંગણી સ્થાનિક રહીશોઓ દ્વારા કરવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છેકે, અગાઉ પણ ખુલ્લી ગટરમાં એક ગાયનો પગ લપસી પડતાં ગાય ગટરમાં ખાબકી ગઈ હતી. જેના કારણે નજીકનાં જીવદયા પ્રેમી ઓ દ્વારા તાત્કાલીક નગર પાલિકા ખાતે જાણ કરવામાં આવી હતી.પાલીકાએ તેમની નૈતિક ફરજને સ્વીકારી તાબડતોબ બનાવ સ્થળે જે.સી.બી. મોકલી આપી ગાયને બહાર કાઢી ગટર પાસે છોડી રવાનાં થઈ ગયાં હતાં. જ્યાં જે તે સમયે ગાયની દવા સારવારની કોઈ પણ જાતની તસ્દી લેવામાં આવી ન હતી.

## શહેરા નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં પાણીની સમસ્યાથી અનેક લોકો હેરાન પરેશાન

શહેરા,

શહેરા નગરમાં માર્કેટિંગ યાર્ડ પાસે પસાર થતા સતત વાહનોથી ધમધમતા હાઈવે માર્ગને અડીને જ પાનમ ની પીવાના પાણીની લાઈન લીકેજ હોવાથી પાણીનો વેડફાટ થતો જોવા મળી રહયો છે. લીકેજ પાણીની લાઈન ની જગ્યાએ મોટો ખાડો પડી જતા અહીંથી પસાર થતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો હતો. હાલની પરિસ્થિતિમાં નગર વિસ્તાર તેમજ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં પણ પાણીની વિક્ટ સમસ્યા સજાતી હોય તેવા સમયે સરકારી બાબુઓની બેદરકારીના કારણે પાણીનો વેડફાટ થતો જોવા મળ્યો હતો.

શહેરા નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં પાણીની સમસ્યા થી અનેક લોકો હેરાન પરેશાન છે. એક તરફ રાજ્ય સરકાર પાણી બચાવો તે



તસ્વીર : તુષાર દરજી, શહેરા

માટે જાહેરાત કરતી હોય ત્યારે બીજી તરફ સરકારી બાબુઓની બેદરકારીના કારણે નગરના માર્કેટીંગયાર્ડ થી સિંધી ચોકડી સુધીના વિસ્તારમાં અનેક જગ્યાએ પાનમની પાણીની લાઈન લીકેજ હોવાથી પાણીનો વેડફાટ થતો જોવા મળી રહ્યો હતો. સતત વાહનોથી આ ધમધમતા હાઈવે માર્ગને અડીને જ પાણીની લાઈન લીકેજ હોવાથી પાણીનો વેડફાટ થતો જોવા મળતો હોય તેની સાથે અહીંથી પસાર થતા વાહન ચાલકોને અકસ્માત થવાનો ભય પણ સતાવતો હોય છે. દિલ્હી-બોમ્બે તરફ જતો આ હાઈવે માર્ગ ઉપરથી દિવસ દરમિયાન ૧૦ હજાર કરતાં વધુ વાહનો પસાર થતા હોય અને લીકેજ પાણીની લાઈનની જગ્યાએ પાણી ભરાઈ રહેતુ હોવાથી મસ મોટો ખાડા પડી જતા નાના-મોટા વાહનો આમાં ખાબકતા થોડીક ક્ષણો માટે અકસ્માત થઈ જશે તેવી શક્યતાઓને લઈને વાહન ચાલક પણ ગભરાઈ જતાં હોય છે. આ બાબતે પાણી પુરવઠા અને નગરપાલિકા તંત્ર તેમજ હાઈવે માર્ગ ઉપર ટોલટેક્સ વસૂલ કરતી કલ્યાણ કંપની અહીંની પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં આ બાબતને કોઈ જ ગંભીરતા લેવામાં આવી રહી નથી, તેમજ વાહનો થી સતત ધમધમતા આ હાઈવે માર્ગ ઉપર હજુ પણ હાઈવે માર્ગ અડીને આડેધડ ખોડકામ શરૂ રહેતું હોય ત્યારે આ જવાબદાર તંત્ર કોઈ મોટી અહીં ઘટના બને તેની રાહ દેખી રહયા હોય તેવું તો નથી.

## ગોધરાના વાવડી પ્લાસ્ટીક ચીજ વસ્તુના સેલ અને લીલેશરા લાકડાના પીઠામાં આગની ઘટના



ગોધરા,

ગોધરા શહેરમાં લીલેશરા પાસે લાકડાના પીઠામાં આગ લાગવા સાથે વાવડી વિસ્તારમાં મંડપની અંદર પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓનું વેચાણ કરતા સેલમાં પણ આગની ઘટના બનવા પામી હતી.

ગોધરા શહેરમાં આગની બે ઘટના બનવા પામી હતી. પ્રથમ આગની ઘટના ગોધરા થી વડોદરા તરફ જવાના માર્ગ ઉપર લીલેશરા પાસે આવેલ એક લાકડાના પીઠામાં અચાનક કોઈ કારણસર આગ લાગતા ધુમાડાના ગોટેગોટા આકાશમાં જોવા મળી રહ્યા હતા. આગની ઘટનાની જાણ ફાયર બ્રિગેડને થતા નગરપાલિકાનું ફાયર ફાઈટર સ્થળ પર પહોંચી જઈને પાણીનો મારો શરૂ કર્યો હતો. જોકે, લાકડાના પીઠામાં લાગેલ આગ સૂકા લાકડામાં વધુ લાગેલ હોવાથી ફાયર ફાઈટરની ટીમ એ ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. જોકે, બીજી ઘટના દાહોદ તરફ જવાના માર્ગ ઉપર વાવડી પાસે એક મંડપમાં પ્લાસ્ટિકની વસ્તુઓની વેચાણ કરતા સેલમાં અચાનક આગ લાગી હતી. સમયસર આગની ઘટનાની જાણ પાલિકાના થતા ફાયર બ્રિગેડને થતા પાલિકાનું ફાયર ફાઈટર સમયસર પહોંચી જતા અહીં આગની મોટી ઘટના બનતી અટકી હતી. ગોધરા શહેરમાં લાગેલ બન્ને આગમાં ફાયર બ્રિગેડની એક સારી કામગીરી અહીં જોવા મળી હતી.

## પાવાગઢ યાત્રાધામ માંચી ખાતે નવિન બનેલ મઢુલી ઉતારતી વેળાએ તુટી પડતાં ચાર શ્રમિકોને ઈજાઓ : બે લોકોને વધુ ઈજાઓ થતાં વડોદરા ખસેડાયા

પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ માંચી ખાતે ચાચર ચોકમાં દર્શનાર્થે આવતાં યાત્રાળુઓના વિશ્રામ માટે મઢુલી બનાવવામાં આવી રહી છે. હલ્કી ગુણવત્તાથી બનતી મઢુલી તુટી પડવાની સપ્તાહ પહેલા ઘટનામાં એક મહિલાનું મોત નિપજાવા પામ્યું. જ્યારે ૯ યાત્રાળુઓને ઈજાઓ થવા પામી હતી. તે ઘટના સપ્તાહમાં વધુ એક મઢુલી ધારાશાહી થતાં ચાર લોકો દબાતા ઈજાઓ યાત્રાધામ પાવાગઢમાં મઢુલી તુટી પડવાની ઘટનાને લઈ વિકાસના કામોમાં ગુણવત્તાના પ્રશ્નો ઉઠી રહ્યા છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ માંચી ખાતે ચાચર ચોકમાં માતાજીના દર્શનાર્થે આવતા યાત્રાળુઓના વિશ્રામ માટે નવિન મઢુલી નિર્માણ કરવામાં આવી છે. માંચી ખાતે નવનિર્મીત મઢુલી પૈકીની એક મઢુલી ૪ મેના રોજ તુટી પડવાની ઘટના બની હતી. મઢુલી તુટી પડતા એક મહિલાનું મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે નવ યાત્રાળુઓ ઈજાગ્રસ્ત થયા હતા. મઢુલી તુટી પડવાની ઘટના બાદ તંત્ર સજજ થયું હતું. એક નવી બનેલ મઢુલીઓ સુરક્ષીત છે. તેવું સ્પષ્ટ ન થાય ત્યાં સુધી તેના ઉપયોગ ન થાય તે માટે કોર્ડન કરી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. માંચી ખાતે કોર્ટન કરવામાં આવેલ મઢુલી ખાતે યાત્રાળુઓ બેઠા ન હતા પરંતુ મઢુલીને ઉતારવાની કામગીરી દરમ્યાન મઢુલી ધારાશાહી થતાં ચાર શ્રમિકો દબાયા હતા. મઢુલી ઉતારતી વેળાએ ધારાશાહી થવાની ઘટનામાં દબાયેલ ચાર લોકોને તત્કાલીક બહાર કાઢવામાં આવ્યા હતા. ચાર શ્રમિકો પૈકી બે લોકોને ઈજાઓ થતાં સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. પાવાગઢ યાત્રાધામના વિકાસ કાર્યના ભાગરૂપે યાત્રાળુઓની સુવિધા અને વિસામા માટે ચાચર ચોકમાં બનાવેલ બન્ને મઢુલી એક સપ્તાહમાં તુટી જવાની ઘટનાથી વિકાસના કામોની ગુણવત્તા સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

## કાલોલ મલાવ ચોકડી પાસે ગેરકાયદેસર રીતે કવાર્ટસ પાવડર ભરી જતી ટ્રક ખાણ ખનીજ વિભાગે ઝડપી



કાલોલ,

પંચમહાલ જીલ્લા ખાણ ખનીજ વિભાગની ક્ષેત્રીય ટીમ ગુરૂવારે રાત્રે પેટ્રોલીંગ દરમિયાન કાલોલ ગોધરા હાઈવે પરથી પસાર થતી હતી. ત્યારે કાલોલ તાલુકાના મલાવ ચોકડી પાસે થી એક ટ્રક નં. જીજે.૨૪.યુ.૩૮૯૩ ને રોકી તપાસ કરતા ટ્રકમાં સિરામીક અને કાચ તથા ટાઈલ્સ ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતો કવાર્ટસ પાવડરની બેગો ભરેલી જોવા મળેલ જે બાબતે ખનીજ વિભાગે પાસ પરમીટ માંગતાં કોઈ પરમીટ જોવા મળી નહોતી. જેથી ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર પૃથ્વીરાજ દ્વારા ટ્રકને કાલોલ પોલીસ મથકે લેવડાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી કુલ ૨૦ ટન જેટલો પાવડર તેમજ ટ્રક એમ કુલ મળીને રૂા. ૨૦ લાખની કિંમતનો મુદ્દામાલ સાથે આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા APMC ની ચુંટણી ૩૧ મે ના રોજ યોજાશે

ગોધરા,

ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ચુંટણીની મતદાર યાદીમાંથી રદ્દ કરવામાં આવેલી મંડળીઓએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. જેમાં હાઈકોર્ટે મંડળીઓની અરજી ડીસીમીસ કરી દેતા ચુંટણી એકતરફી બનશે તેવુ લાગી રહ્યુ છે. આગામી ૧૭ મેના રોજ ફોર્મ ભરાશે અને ૩૧મેના રોજ ચુંટણી યોજવામાં આવશે.

ગોધરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ટર્મ પુર્ણ થતાં આગામી તા.૩૧મેના રોજ ચુંટણી યોજાવાની છે. ત્યારે ચુંટણી પહેલા પંચમહાલ જિલ્લા રજીસ્ટ્રારની કચેરી દ્વારા અધિકૃત અધિકારીની નિમણુંક કરીને પ્રાથમિક મતદારી યાદી બાદ સુધારેલી મતદાર યાદીમાંથી ખેડુત વિભાગની ૪૦ મંડળીઓના ૬૨૦ મતદારોમાંથી નિતિ નિયમો મુજબ ૨૪ મંડળીઓ રદ્દ કરી અને એક નવી મંડળી ઉમેરતા નવી મતદાર યાદીમાં ૧૭ મંડળીઓના ૨૪૫ મતદારો રહ્યા હતા. ખેડુત વિભાગની ૯ સેવા સહકાર મંડળી, ૧૩ પ્રાકૃતિક સહકારી મંડળીઓ તથા ૨ પિયત સહકારી મંડળીઓને એપીએમસીના નિયમો મુજબ મતદાર યાદીમાંથી કમી કરવામાં આવી હતી. રદ્દ કરેલી ખેડુત વિભાગની ૨૪ મંડળીઓમાંથી ૧૭ મંડળીઓએ હાઈકોર્ટના દરવાજા ખખડાવીને અરજી દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે ૧૭ મંડળીઓની અરજીને ડીસમીસ કરી દેતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. એપીએમસીની ચુંટણીના ફોર્મ મેળવવાની અને ભરવાની એક જ દિવસ ૧૭ મે રોજ હોવાથી ૧૬મેની હાઈકોર્ટની સુનાવણીમાં સહકાર વિભાગની મંડળીઓનો ચુકાદો આવશે તેની ચર્ચાઓ એપીએમસી મતદારોમાં થવા લાગી હતી. ત્યારે ભાજપ દ્વારા મેન્ડેટ આપ્યા બાદ ૧૭મી એ ફોર્મ ભરવાની પ્રક્રિયા થવાની હોવાથી એપીએમસીની ચુંટણી એકતરફી કે આખી બોડી બિનહરીફ જાહેર થશે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## હાલોલની ૭૩ એએ ની જમીનની એન્ટ્રીઓ રદ્દ કરી શ્રી સરકાર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ

હાલોલ,

હાલોલ-જાંબુડી સર્વે-૯માં આવેલ ૧૨ વિઘા જેટલી નવી શરતની અવિભાજ્ય જમીનમાં હાલોલ પાલિકાના પુર્વ પ્રમુખ સુભાષ પરમાર પાલિકા પુર્વ સભ્ય અને પુત્ર ચિરાગ પરમારે જમીન પર ગેરકાયદે કબ્જો કરી કોમર્શિયલ કામો માટે ખોટા દસ્તાવેજો બનાવી જમીન ભાડે આપી હોવાની જાણકારી પાલિકાના દયાને આવ્યુ હતુ. ચીફ ઓફિસરે પાલિકામાં પડેલ એન્ટ્રીઓ રદ્દ કરી કાર્યવાહી કરી છે. પાવાગઢ રોડ પર નવી કોર્ટની સામે પાલિકા વોર્ડ-જમાં આવેલ સર્વે નં-૫૩૪ પૈકી ૩ કેજે જમીન ૭૩ એએ નવી શરતની જમીન લીલાબેન તે મગનભાઈ ઘનજીની દિકરીના નામે આવેલ છે. તેમાં હાલોલ પાલિકા વોર્ડ નં-૫ના પુર્વ સભ્ય દોઢી અજીજુલ ઉર્ફે ડબો રહેમાન મજીતભાઈએ મિલીભગત કરી પોતે ૭૩એએ નવી શરતની જમીન પરસ્પર જાતિ વગર વેચાણ ભાડે કે કોઈ બાંધકામ ન કરી શકાય તેમ જાણતા હોવા છતાં જમીનમાં જનતા રેસીડેન્સી નામે ૧૧૪ પ્લોટોનુ પ્લોટિંગ કરી પાલિકામાં દસ્તાવેજ, ઈન્ડેક્ષ, ૭/૧૨નકલ, નમુનો ૬ તથા ૮ સહિત સિટી સર્વેની નકલ વગર જ ૧૧૪ પ્લોટોને પોતાના નામે કરી એન્ટ્રીઓ પડાવી દેતા ચીફ ઓફિસરે તમામ એન્ટ્રીઓ રદ્દ કરી હતી.

## કાલોલના ડેરોલ સ્ટેશન ગામ થઈ પસાર થતાં ઓવરલોડ હાઈવા પસાર થતાં કાયમી બંધ કરવાની માંગ સાથે કલેકટરને આવેદન અપાયું

કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ગામ થઈને પસાર થતાં ઓવરલોડ હાઈવા (ટરબા)થી થતાં અવારનવાર અકસ્માત લોકો ભય અનુભવી રહ્યા હોય ત્યારે ડેરોલ સ્ટેશન ગામ થઈ પસાર થતાં૦ હાઈવા તાત્કાલીક ધોરણે બંધ કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ગામ માંથી પસાર થતાં ઓવરલોડ રેતી-કપચી ભરેલ હાઈવા(ટરબા) પુરઝડપે પસાર થતા હોય છે. આવા ઓવરલોડ હાઈવા વાહનોથી અવારનવાર અકસ્માતોની ઘટના બની રહી છે. છેલ્લા વર્ષોમાં ઓવરલોડ હાઈવાની અડફેટમાં પાંચ વ્યકિતના મોત થયા છે. જેને લઈ આવા ઓવરલોડ હાઈવા થી લોકોમાં કાયામી અકસ્માતનો ભય સતાવતો હોય છે. ડેરોલ સ્ટેશન ગામ રોડ ઉપર જીલ્લા કલેકટરના જાહેરનામા સાથે ઓવરલોડ વાહનો ઉપર પ્રતિબંધ કરવામાં આવેલ



છે. તેમ છતાં આર.ટી.ઓ. વિભાગ અને ખાણખનિજ વિભાગની રહેમનજરને કારણે ઓવરલોડ હાઈવા પસાર થતા હોય છે. આ ઓવરલોડ હાઈવા વાહનો રોડ ઉપરથી પસાર થતાં તાત્કાલીક બંધ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે. સાથે હાલમાં બાકરોલ તેમજ વેજલપુર-કાનોડ ફાટક ઉપર ઓવર બ્રીજનું ઉદ્ઘાટન તત્કાલીન ના.મુખ્યમંત્રી હસ્તે કરાયું હતું. તે પૂર્ણ થયેલ થી આ રોડ ઉપરથી અમદાવાદ-ગાંધીનગર સુધીના વાહનો પસાર થયા છે. ત્યારે ઓવરબ્રીજની કામગીરી પુરી કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
પટેલીયા અરવિંદભાઈ પુજાભાઈ
તરફથી અભીનંદન....
મુ. સાગારામા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
પટેલ ભારતભાઈ એન.
તરફથી અભીનંદન....
મુ. ભુવાલ,
તા. દે.બારીઆ,
જી. દાહોદ